આજનો સુવિચાર

સતત અને સખત મહેનત કર્યા વિના કોઈપણ ફળ મેળવી શકાતું નથી

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર દૈનિક ભૂમિ

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૯૭ જૂનાગઢ તા.૦૫-૮-૨૦૨૩ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 197, Junagadh : Date : 05 August, 2023, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

# ગુજરાત પ્રદેશ ભાજપ મહામંત્રી પદેથી પ્રદિપસિંહ વાઘેલાનું રાજીનામુ : રાજકીય ઉથલપાથલ

## ગુજરાત ભાજપમાં એક બાદ એક બની રહેલી ઘટનાઓથી ભારે ખળભળાટ : ભાજપમાં તિવ્ર આંતરીક ખેંચતાણ - જમીન પ્રકરણમાં પ્રદિપસિંહ વાઘેલાનું નામ સંડોવાયું હોવાની ચર્ચા

અમદાવાદ તા. ૫

ગુજરાત ભાજપમાં ભ્રષ્ટ્રાચારનું પત્રિકા યુદ્ધ ચરમસીમાએ પહોંચી ગયું છે. આથી ભાજપમાં આંતરિક ખેંચતાણ શરૂ થઈ હોવાની જોરદાર ચર્ચા ચાલી રહી છે. આ બધા વચ્ચે ગુજરાત ભાજપના પ્રદેશ મહામંત્રી પ્રદીપસિંહ વાઘેલાને રાજીનામું આપવું પડ્યું છે. પ્રદીપસિંહે ૭ દિવસપહેલાંજ રાજીનામું આપ્યાનું ભાજપનાં રાષ્ટ્રીય સંગઠન નેતાએ જ સ્વીકાર્યું છે. પ્રદીપસિંહ દક્ષિણ ઝોનના સંગઠન મહામંત્રી હતા. તેઓ કમલમ કાર્યાલયનો કારભાર સંભાળતા હતા. પ્રદીપસિંહના રાજીનામાની છેલ્લા ચાર-પાંચ દિવસથી જોરશોરથી ચર્ચા રાજકીય ક્ષેત્રે ચાલી રહી હતી. છેવટે સમર્થન મળતાંરાજીનામું ધરી દીધું છે. પ્રદેશ અધ્યક્ષાની સૂચનાથી ૭ દિવસ પહેલાં જ રાજીનામું આપી દીધાનું પણ ચર્ચાઈ રહ્યું છે. ઉલ્લેખનીય છે કે ભાર્ગવ ભટ્ટ બાદ વધુ એક અસરકારક નેતાનો ભોગ લેવાયો હોવાની ચર્ચા ભાજપનાં નેતાઓમાં ચાલી રહી છે.

ગુજરાત ભાજપમાં ચાલી રહેલી ખેંચતાણ પાછળ કોણ જવાબદાર આ સવાલનો જવાબ બધા જાણે છે, પણ કોઈ બોલવા તૈયાર નથી, એવી પણ ચર્ચાએ જોર પકડતાં રાજકારણમાં ગરમાવો આવ્યો છે.

હજુ ચાર મહિના પહેલાં જ મધ્ય ગુજરાત વિસ્તાર ભાજપના પ્રદેશ મહામંત્રી ભાર્ગવ ભટ્ટને તેમના પદ પરથી હટાવી દેવાયા હતા. વડોદરામાં રામનવમીની શોભાયાત્રા પરના પથ્થરમારાની ઘટનાથી સરકાર અને ભાજપની બદનામી થઈ હતી. તોફાનોમાં તંત્રની કામગીરીમાં ચંચુપાત અને તોફાનીઓને કહેવાતા પીઠબળની નોંધ પ્રદેશ અને કેન્દ્રમાં પહોંચતાં નિર્ણય લેવાયો હોવાનું જાણવામળ્યું હતું.

પ્રદિપસિંહ વાઘેલાનું રાજીનામું માંગી લેવાતા અને તેઓની યુનિ. પ્રકરણની કોઈ જમીન પ્રકરણની સંડોવણી અંગે છેક દિલ્હી સુધી રિપોર્ટ પહોચતા જ મોવડીમંડળની સૂચના મુજબ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે તેઓને ગતરાત્રીના જ રાજીનામું આપવા જણાવી દેવાયુ હતું અને આજે સમાચાર ચેનલો સાથેની વાતચીતમાં વાઘેલાએ સ્વીકાર્યુ કે પ્રદેશ પ્રમુખની સૂચના મુજબ તેઓએ મહામંત્રીપદેથી રાજીનામુ આપી દીધુ છે અને સૂત્રોના જણાવ્યા મુજબ તેઓને ભાજપના પ્રદેશ કાર્યાલય ‘કમલમ’માં પણ પ્રવેશબંધી કરી તેમની ચેમ્બરને તાળા લગાવી દેવાયા છે. જો કે પ્રદિપસિંહ વાઘેલાએ કમલમ નહી જવા કોઈ સૂચના હોવાનો ઈન્કાર કર્યો છે. ગુજરાત ભાજપમાં હાલમાં સપાટી પર આવી રહેલી એક બાદ એક ‘ઘટના’ઓમાં પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલની અત્યંત નજીક ગણાતા તથા પક્ષના વડામથક ‘કમલમ’માં શક્તિશાળી નેતા તરીકે ઉભરી આવેલા પ્રદેશ મહામંત્રી પ્રદિપસિંહ વાઘેલાનું રાજીનામું લઈ લેવાયુ છે. હજુ હાલમાં જ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલની સામેની પત્રિકાનો વિવાદ ચગ્યો હતો અને તેમાં દક્ષિણ ગુજરાત ભાજપના ત્રણ તાલુકા કક્ષાના નેતાઓની ધરપકડ સુધી પગલા લેવાયા છે અને તેઓને પક્ષમાંથી સસ્પેન્ડ કરાયાની શાહી હજું સુકાઈ નથી

સૂત્રોના જણાવ્યા મુજબ ગુજરાત યુનિ.ની એક અત્યંત કિંમતી જમીનના પ્રકરણમાં વાઘેલાનું નામ સંડોવાયેલું હતું અને તપાસ છેક પોલીસ સુધી પહોંચી હતી જેમાં પ્રદિપસિંહ વાઘેલાના નામ અંગે પોલીસને ચોકકસ લીંક મળતા જ ઉચ્ચ અધિકારી મારફત છેક સીએમઓને જાણ કરતા જ પ્રદેશ પ્રમુખને રીપોર્ટ અપાયો હતો.

## લોકસભામાં રાહુલ ગાંધીની સદસ્યતા સોમવાર સુધી બહાલ થઈ જવાની શકયતા

નવી દિલ્હી તા. ૫

ગઈ કાલે સુપ્રિમ કોર્ટે રાહુલ ગાંધીને આપવામાં આવેલી સજા ઉપર સ્ટે આપવાને પગલે તેમનું સંસદ સભ્યપદ પુર્નજિવિત થઈ ગયું છે અને આગામી સોમવારે લોકસભાનાં સાંસદ પદે તેમને પુર્નઃ બહાલ કરવામાં આવશે તેવી શક્યતા જોવાઈ રહી છે. લોકસભામાં કોંગ્રેસ પક્ષનાં નેતા અધિરરંજન ચૌધરીએ લોકસભાનાં સ્પીકર ઓમ બિરલા અને લોકસભાનાં રજીસ્ટ્રીને મળવાનો સમય માંગ્યો છે જેમાં સંભવતઃ તેઓ રાહુલ ગાંધીની સદસ્યતા શકય તેટલી વહેલી બહાલ કરવા જણાવશે તેવું માનવામાં આવી રહયું છે.

## મણિપુરમાં હિંસાનું તાંડવ : વધુ ત્રણનાં મોત :એક જવાન શહિદ

ઈમ્ફાલ, તા.૫ઃ મણિપુરમાં મે મહિનાથી ચાલી રહેલી જાતિય હિંસા અટકવાનું નામ નથી લઈ રહી. મણિપુરમાં છેલ્લા ૨૪ કલાકમાં વ્યાપક હિંસક ઘટનાઓ બની છે. ગતરાત્રે બિષ્ણુપુર જિલ્લામાં મૈતેઈ સમુદાયના ત્રણ લોકોની હત્યા કરવામાં આવી હતી. મૃતકો કવાક્તા વિસ્તારના મૈતેઈ સમુદાયનાહોવાનું કહેવાય છે. બિષ્ણુપુર પોલીસના જણાવ્યા અનુસાર, મેઈતેઈ સમુદાયના ત્રણ લોકો માર્યા ગયા છે, જ્યારે કુકી સમુદાયના કેટલાય ઘરોને સળગાવી દેવામાં આવ્યા છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, કેટલાક લોકો બફરઝોન પાર કરીને મેઈતેઈ વિસ્તારમાંઆવ્યા અને તેમના પર ગોળીબાર કર્યો. મણિપુરમાં ફરી હિંસા ભડકતાં મણિપુર રાઈફલ્સનો એક જવાન માર્યો ગયો હતો.

## જૂનાગઢમાં વેચવાનું છે

(૧) ડો. જસાણીનું ચાર માળનું દવાખાનું, પોસ્ટ ઓફીસ રોડ
(૨) ગાંધીગ્રામ પોસ્ટ ઓફીસ પાસે ૫૦૦વારની જગ્યા, ૮ રૂમવાળી બેંકને લાયક વેચવાની છે.
(૩) ગાંધીગ્રામ કોન્વેન્ટ સ્કુલ સામે ૫૦૦ વારમાં ૧૦ દુકાનો, આઠ રૂમ વાળો બંગલો
(૪) દુકાન, મકાન, ફલેટ, જમીન લેવા-વેચવા માટે મળો.
(૫) ૩૨૦૦૦ ચાલેલી એસેન્ટ ગાડી
(૬) ગાંધીગ્રામમાં કોન્વેન્ટ સ્કુલ સામે આમ્રપાલી એપાર્ટમેન્ટમાં બીજા માળે ફલેટ વેચવાનો છે.
(૭) લોખંડનાં ઘોડા નંગ-૧૬ વ્યાજબી ભાવમાં વેચવાના છે.

સંપર્ક : મો. ૮૧૫૬૦ ૧૯૯૯૯

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

## ડૉ. ધવલ સંઘવી

બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

## ડોબરીયા ગાયનેક હોસ્પીટલ

મેટરનીટી (પ્રસુતિ)/ સોનોગ્રાફી / લેપ્રોસ્કોપી / વ્યંધત્વ (ઈન્ફર્ટીલીટી)

## ડો. પ્રતિક ડોબરીયા

M.B. D.G.O.

સ્ત્રી રોગ નિષ્ણાંત અને લેપ્રોસ્કોપીક સર્જન


રાહતદરે ઉપલબ્ધ સુવિધાઓ
● સોનોગ્રાફીની સુવિધા ● વંધ્યત્વ નિવારણ કેન્દ્ર
● પેઈનલેસ (પીડારહિત) ડીલીવરી તથા સીઝેરીયનની સુવિધા.
● ગર્ભાશયની કોથળીનું ટાંકાવાળુ, ટાંકા વગરનું તેમજ દુરબીન (લેપ્રોસ્કોપી)થી થતા ઓપરેશન
● અંડાશય અને કુટુંબનિયોજનનાં ટાંકાવાળા તથા દુરબીન (લેપ્રોસ્કોપી)થી થતા ઓપરેશન
● હીસ્ટેરોસ્કોપીની સુવિધા (ગર્ભાશયની અંદરની દુરબીનથી તપાસ તથા ઓપરેશન) ● કેન્સર નિદાન કેન્દ્ર
● બંધ નળી ખોલવાનું ઓપરેશન (માઈક્રોસર્જરી)
● મેડીકલેઈમની સુવિધા, ડીલક્ષ અને સ્પેશયલ રૂમની સુવિધા
ઓપીડી સમય : સવારે : ૯ થી ૧, સાંજે : ૬ થી ૮

અક્ષર પ્લાઝા-૪ કોમ્પ્લેક્ષ, પહેલો માળ, બાયપાસ રોડ, ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ. મો. ૯૯૭૯૮ ૯૩૨૬૯



# ૧.૭૮ મિલિયન વિદેશી પ્રવાસીઓએ ગુજરાતની મુલાકાત લીધી : ગુજરાત ATITHYAM પોર્ટલ પ્રકારનું પ્લેટફોર્મ વિકસાવનાર દેશનું પ્રથમ રાજ્ય

## ૧.૭૮ મિલિયન વિદેશી પ્રવાસીઓ સાથે ગુજરાત, દેશમાં ૨૦.૭૦ ટકાનો હિસ્સો ધરાવે છે : સ્થાનિક પ્રવાસીઓની સંખ્યામાં ગુજરાત પાંચમા સ્થાને : ૧૩૫.૮૧ મિલિયન સ્થાનિક પ્રવાસીઓ ગુજરાતના પ્રવાસે : ભારતમાં સ્થાનિક પ્રવાસીઓમાં ગુજરાતનો હિસ્સો ૭.૮૫ ટકા




(પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર તા.પ

કેન્દ્ર સરકારના પ્રવાસન મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા ઈન્ડિયા ટુરિઝમ સ્ટેટિસ્ટિક્સ-૨૦૨૩ના અહેવાલ મુજબ વિદેશી પ્રવાસીઓની દ્રષ્ટિએ ગુજરાતે ભારતમાં પ્રથમ સ્થાન અને સ્થાનિક પ્રવાસીઓની સંખ્યામાં પાંચમું સ્થાન પ્રાપ્ત કર્યું છે. રિપોર્ટપ્રમાણે વર્ષ ૨૦૨૨માં ૮.૫૯ મિલિયન વિદેશી પ્રવાસીઓએ ભારતની મુલાકાત લીધી હતી. જેમાંથી ૧.૭૮ મિલિયનપ્રવાસીઓ ગુજરાતની મુલાકાતે આવ્યા હતા. એટલે કે વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં ગુજરાતનો હિસ્સો દેશમાં ૨૦.૭૦% સાથે સૌથી વધુ રહ્યો છે.

એ જ પ્રમાણે વર્ષ ૨૦૨૨ માં ૧૭૩૧.૦૧ મિલિયન સ્થાનિક પ્રવાસીઓએ દેશના વિવિધ રાજ્યોની મુલાકાત લીધી હતી. જેમાંથી ૧૩૫.૮૧ મિલિયન પ્રવાસીઓ ગુજરાતની મુલાકાતે આવ્યા હતા એટલે કે સ્થાનિક પ્રવાસીઓની સંખ્યામાં ગુજરાતનો હિસ્સો ૭.૮૫% સાથે દેશમાં પાંચમા સ્થાને રહ્યો છે. રાજ્યના પ્રવાસન વિભાગના જણાવ્યાનુંસાર ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રે ગત વર્ષોમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રવાસનનેએક મિશન મોડ તરીકે લેવાના અનુરોધના ભાગરૂપે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં પ્રવાસન ક્ષેત્રે કરવામાં આવેલી વિવિધ પહેલો તેમજ પ્રવાસનક્ષેત્રના સર્વાંગીવિકાસના પરિણામે ગુજરાત પ્રવાસીઓને આકર્ષવામાં સફળ રહ્યું છે. પ્રવાસન વિભાગ દ્વારા ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરીને ગુજરાતમાં આવતાં પ્રવાસીઓ માટે અનેકવિધ ડિજિટલ પ્લેટફોર્મ વિકસાવવામાં આવ્યા છે. જેના ભાગરૂપે પ્રવાસન દ્વારા મહત્વનું એવું ATITHYAM પોર્ટલ પ્રકારનું પ્લેટફોર્મ વિકસાવવામાં આવ્યું છે. ગુજરાત આ પ્રકારનું પ્લેટફોર્મ વિકસાવનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. આ પોર્ટલ ગુજરાતમાં આવતાં પ્રવાસીઓની સંખ્યાને ટ્રેક કરવા માટે રીઅલ-ટાઈમ ડેશબોર્ડ છે.

સમગ્ર રાજ્યમાં પ્રવાસીઓની સંખ્યા મોનિટર કરવા આ એક મહત્વનું પ્લેટફોર્મ છે. આ ડેશબોર્ડમાં મુખ્ય ૩ ઘટકો જેમ કે જિલ્લા કક્ષાનો ફૂટફોલ, ડેસ્ટિનેશન લેવલ ફૂટફોલ અને MIS રિપોર્ટ શેરિંગ છે. ડેશબોર્ડનીઅન્ય વિશેષતાઓમાં પ્રવાસીઓની વિગતવાર પ્રોફાઈલ જેવી કે ઉંમર, મૂળ સ્થાન, પ્રકાર, પ્રવાસનો હેતુ વગેરેનો સમાવેશ થાય છે. રાજ્યના જીએસડીપીમાં પ્રવાસન ક્ષેત્રનું યોગદાનઅને તેની ખર્ચના હેતુ ઉપરની વિગતો પણ ડેશબોર્ડમાં ઉપલબ્ધ બનાવાઈ છે. રાજ્યમાં પ્રવાસીઓની સંખ્યાને ડિજિટલ કરવાની આ પ્રકારની પ્રથમ પહેલ છે જેને ગુજરાતમાંઆવતા પ્રવાસીઓની સુવિધામાં વધારો કરવા સંદર્ભે લેવાયેલા નીતિ વિષયકનિર્ણયોમાં આ પ્લેટફોર્મ માઈલસ્ટોન સાબિત થયું છે. ગુજરાતમાં રોજગારીનું પ્રમાણ વધે અને પ્રવાસીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થાય તે માટે રાજય સરકાર દ્વારા પ્રવાસનની કેટેગરી મુજબ અનેકવિધ નવા પગલાં ભરવામાં આવ્યા છે.આધ્યાત્મિક ક્ષેત્રે યાત્રાધામ પ્રવાસન માટે દ્વારકાધીશ મંદિર, અંબાજી મંદિર, સોમનાથ મંદિર અને પાલિતાણા જૈન મંદિરો જેવા વિવિધ ધાર્મિક સ્થળો વિકસાવવામાં આવ્યા છે. પ્રવાસન વિભાગે માર્કેટિંગ ઝુંબેશ, ટ્રાવેલ એક્સ્પોઝ અને આંતરરાષ્ટ્રીય કાર્યક્રમોમાં સહભાગિતા દ્વારા ગુજરાતને પ્રવાસન સ્થળ તરીકે વધુને પ્રોત્સાહન આપ્યું છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ સેક્ટરમાંપ્રવાસન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધારવામાં પ્રાધાન્ય આપીને હોટલ અને વાહનવ્યવહારની સુવિધા પ્રવાસીઓ માટે વધુ અનુકૂળ-આરામદાયક બનાવી છે. આ ઉપરાંત રાજ્યમાં હેરિટેજ ક્ષેત્રે સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો, ઐતિહાસિક સ્થળો અને પરંપરાગત તહેવારોએ રાજ્યની અનન્ય સાંસ્કૃતિક તકોનો અનુભવ કરવા રસ ધરાવતા પ્રવાસીઓને આકર્ષ્યા છે. ચાંપાનેર-પાવાગઢ ડેવલપમેન્ટ, રાણીની વાવ, સૂર્ય મંદિર, મોઢેરા અને ઐતિહાસિક શહેર અમદાવાદનો પણ સુગ્રથિત વિકાસ કરવામાં આવ્યો છે જેના પરિણામે ગુજરાતમાં પ્રવાસીઓની સંખ્યા વધી છે. આ સિવાય ઈકો-ટુરીઝમ અને વાઈલ્ડલાઈફના વિકાસ માટે પણ સરકારે ખાસ ધ્યાન કેન્દ્રિત કરીને કચ્છનું રણ, ગીર નેશનલ પાર્ક, સ્ટેચ્યુ ઓફ યુનિટી જેવા સ્થળોએ પ્રકૃતિપ્રેમી અને વન્યજીવ પ્રેમીઓને આકર્ષિત કર્યા છે, જે આ પ્રદેશની વિવિધ વનસ્પતિ- પ્રાણીસૃષ્ટિને નિહાળવાની અપ્રતિમ તકો પુરી પાડે છે. શિવરાજપુર, દ્વારકા, માંડવી અને સોમનાથ જેવા ગુજરાતના દરિયાકિનારાના વિકાસે પ્રવાસન ક્ષેત્રે મોટી લોકપ્રિયતા મેળવી છે. ગુજરાતના મજબૂત ઔદ્યોગિક આધાર અને વ્યવસાયની અનેકવિધ તકોના પરિણામે રોકાણની સંભાવનાઓ વધારી દીધી છે. આ ઉપરાંત ગુજરાતે ઈવેન્ટ ટુરિઝમમાં આગવું નામ પ્રસ્થાપિત કર્યુ છે. જેમાં વર્ષ દરમ્યાન જી-૨૦, નવરાત્રિ, આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ, તાનારીરી મહોત્સવ તેમજ રણોત્સવ જેવી ઈવેન્ટ્સના પરિણામે ચોક્કસ સમયગાળા માટે પ્રવાસીઓની સંખ્યામાં વધારો થયો છે. આટલું જ નહી પણ પ્રવાસનના વિકાસ માટે ગુજરાત સરકારની યોગ્ય પ્રવાસન નીતિઓ અને પ્રોત્સાહનની સાથે પ્રવાસીઓ-રોકાણકારોને સલામત અને સુરક્ષિત વાતાવરણ પુરૂ પાડ્યું છે. રાજ્યના સાંસ્કૃતિક વારસાને જાળવવા, તેના કુદરતી સૌંદર્યને માણવા અને આધુનિક માળખાકીય સુવિધાઓ જેવી કે હવાઈમથકના આધુનિકરણ, રોડ નેટવર્ક અને રહેઠાણના વિકલ્પોમાં રોકાણ કરવાની સરકારની નીતિ- હોમસ્ટે સહિત વિવિધ પ્રોજેક્ટના પરિણામ સ્વરૂપે ભારત સહિત સમગ્ર વિશ્વના પ્રવાસીઓને આકર્ષવામાં સફળતા મળી રહી છે. ગુજરાતની મુલાકાત લેનારા દરેક પ્રવાસીને અજોડ હોસ્પિટાલિટી, સુદ્રઢ માળખાકીય સુવિધાઓ અને અવિસ્મરણીય અનુભવ પ્રદાન કરવાની સાથે પ્રવાસનક્ષેત્રે ભવિષ્યમાં વધુ સારું રેકિંગ જાળવી રાખવા રાજ્ય સરકાર સંપૂર્ણ કટિબદ્ધ છે તેમ, પ્રવાસન વિભાગ દ્વારા વધુમાં જણાવાયું છે.

# કેશોદના મેસવાણ ગામનાં પાદરમાં બનાવેલ પુલમાં છ માસમાં ધોવાણ થતાં તંત્રની પોલ ખુલી



(ગોવિંદ હડિયા દ્વારા) કેશોદ તા.પ

કેશોદના મેસવાણ ગામનાં પાદરમાં બસ સ્ટેન્ડ પાસે પસાર થતાં વોંકળા ઉપર તાજેતરમાં બનાવવામાં આવેલ પુલમાં પ્રથમ વરસાદમાં જ ધોવાણ થઈ જતાં કાંકરીઓ દેખાવા લાગી હતી અને હવે પાણીનું વહેણ ધીમું પડતાં પુલ ઉપર ખાડાઓ પડી જતાં કામમાં નબળી ગુણવત્તા વાળો માલસામાન વાપરી મોટાપાયે ગેરરીતિ આચરવામાં આવી હોવાનો આક્ષેપ ગ્રામજનોએ કર્યો છે. કેશોદના મેસવાણ ગામે વોંકળાનાં સામે કાંઠે આવેલાં પ્લોટ વિસ્તારમાં સરકારી શાળા, સરકારી દવાખાનું, પટેલ સમાજ આવેલ હોય જુનાં ગામમાં થી પ્લોટ વિસ્તારમાં આવવા જવા માં રાહદારીઓ, વિધાર્થીઓ અને વાહનચાલકો હેરાનપરેશાન થઈ રહ્યાં છે. કેશોદના મેસવાણ ગામે વોંકળામાં પુલનું કામ ચાલુ હતું ત્યારે નબળી ગુણવત્તા વાળું કામ થતું હોવાની પદાધિકારીઓને રજુઆત કરી હતી ત્યારે ધ્યાનમાં લેવામાં ન આવતાં સરકાર દ્વારા ફાળવવામાં આવેલ માતબર રકમ એળે ગઈ છે અને પુલ ઉપરથી પસાર થતાં રાહદારીઓ વિધાર્થીઓ અને વાહનચાલકો જોખમ ખેડીને નીકળી રહ્યાં છે ત્યારે જવાબદાર પદાધિકારીઓ અને અધિકારીઓ દ્વારા તાત્કાલિક કામચલાઉ ધોરણે કામગીરી હાથ ધરવામાં આવશે નહીં તો આવનારાં દિવસોમાં ગંભીર આકસ્મિક ઘટના બને તો નવાઈ નહીં હાલ આ બાબતે ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# ડોળાસા નજીકના બોડીદર અને સોનપરા ગામોમાં સાવજોના ટોળાનો આંતક યથાવત : વધુ ત્રણ ઢોર માર્યા : સાવજોના ત્રાસમાંથી કોણ ઉગારશે ?

(નિરવ ગઢિયા દ્વારા) ઉના તા.પ

ડોળાસા વિસ્તારના પાડયા પાથર્યા રહેતા સાવજોના ટોળાએ છેલ્લા એક મહિનાથી ભારે આંતક મચાવ્યો છે. આ દરમ્યાન પચાસથી વધુ ઢોરનું મારણ કરતા ખેડૂત વર્ગમાં ભારે ડર છવાયો છે. ડોળાસા વિસ્તારમાં સાવજોના જાણે ધાડા ઉતરી પડ્યા હોય તેમ છેલ્લા એક મહિનાથી આ સાવજો સમૂહમાં આવી ગામમાં પ્રવેશી ઢોરનું મારણ કરી જાય છે. જશાધાર જંગલ ખાતાને આ બાબતે દરેક વખતે રજૂઆત કરવામાં આવી છે પણ આ સાવજોનું મારણ અભિયાન હજુ ચાલુ જ છે. નવાઈની વાત તો એ છે કે સાવજોને ઢોરનું મારી નાખે છે પણ આરોગ્ય નથી. બસ સિંહોની જાણે ધાક જમાવવા જ મારણ કરતા હોય તેમ ટપોટપ ઢોરનું મારણ કરી રહ્યા છે. હાલ ડોળાસા (તા.કોડીનાર), બોડીદર અને સોનપરા (તા.ગીર ગઢડા)ની સીમ સાવજોનું અભ્યારણ બની ગયું છે. મધ્યગીરના સાવજો હાલ ડોળાસા વિસ્તારમાં આવી ચડ્યા છે. જે ખેડૂતોની એક મોટી સમસ્યા બન્યા છે. ડોળાસા વિસ્તારમાં સતત વરસાદના કારણે ચોમાસું પાક નિષ્ફળ ગયો છે. બાકી રહી ગયું હોત તે આ સાવજોનું ટોળું પૂરૂ કરી દેશે. રખડતાં ઢોરની સંખ્યા હવે પૂરી થઈ ગઈ છે. હવે તો ખેડૂતોના પાળેલાં પશુઓને દરવાજા, બારી ખેડવીને મારી જાય છે. જામવાળા જંગલ ખાતાના આર.એફ.ઓ. ભરવાડને રજૂઆત જણાવ્યું હતું કે, આગામી ટૂંક સમયમાં આ વિસ્તારના ખેડૂતોને સિંહો સાથે કેવ વર્તવું, ખેડૂતો અને તેમના માલઢોરનું સલામતી કેમ રાખવી તે બાબતે એક જાગૃત શિબિરનું આયોજન કરવામાં આવશે જેમાં ખેડૂતો અને ગ્રામજનોને માર્ગદર્શન આપશે.

## સેવાપરમો ધર્મને માનતા ગોવીંદભાઈ તારપરા જેતપુરની ગોપી (દિકરીઓ)ને એક પાટલે બેસી ભાવતા ભોજનીયા લેવડાવશે



(નિતીન વસાણી દ્વારા) રાજકોટ તા.પ

પવિત્ર પરસોતમ માસ નિમીતે જેતપુરના સેવાને વરેલા જાણીતા ઉદ્યોગપતિને પરમ વૈષ્ણવી ગોવીંદભાઈ તારપરા દ્વારા તા.૬ને રવિવારના રોજ જેતપુર શહેરની ગોપીઓ સમી દિકરીઓ માટે એક સમૂહ ભોજનનું આયોજન હાથ ધરાયું છે. ધોરાજી માર્ગ ઉપર આવે અધતન શ્રી લેઉવા પટેલ સમાજ ખાતે બપોરે બાર કલાકે દિકરીઓને એક પંગતે બેસાડી ભોજનરૂપી પ્રસાદી લેવડાવાશે આ માટે તારપરા પરીવારના હર્ષભાઈએ સૌને દિલથી આમંત્રિત કર્યા છે.

## ડોળાસા નજીકના સોનપરા ગામની બાલ વાટિકામાંથી જુલા સહિતના સાધનોની ઉઠાંતરી

(નિરવ ગઢિયા દ્વારા) ઉના તા.પ

ડોળાસા નજીકના સોનપરા ગામની બાલવાટિકાના મેદાનમાં રાખેલા જુલા, લપસણીયા સહિતના બાળકોના મનોરંજનનાં સાધનો કોઈ માથાભારે ઈસમો ઉઠાવી ગયા અને ગીરગઢડા પોલીસ, મામલદાર અને તાલુકા વિકાસ અધિકારીને રજૂઆત કરવામાં આવતા ગીર ગઢડા પોલીસે તપાસ હાથ ધરી છે.

## જામકંડોરણા તાલુકાના વાવડી ગામે અકસ્માત વિમા પોલીસી અંતર્ગત મંજુર થયેલ વિમાની રકમનો ચેક અર્પણ કરાયો



(હરપાલસિંહ દ્વારા) જામકંડોરણા તા.પ

જામકંડોરણા તાલુકાના વાવડી ગામે વાવડી સેવા સહકારી મંડળી લી.ના ખેડુત સભાસદ યશપાલસિંહ અજીતસિંહ ચુડાસમાનું અકસ્માતે અવસાન થતા રાજકોટ જીલ્લા બેંકની અકસ્માત વિમા પોલીસી અંતર્ગત મંજુર થયેલ રૂા.૧૦ લાખની વિમાની રકમનો ચેક એમના વારસદાર અજીતસિંહ મુળુભા ચુડાસમાને રૂબરૂ અર્પણ કરીને પરીવારજનોને સાંત્વના પાઠવતા જીલ્લા બેંકના યુવા ચેરમેન જયેશ રાદડીયા, ગોવિંદભાઈ રાણપરીયા, વિઠલભાઈ બોદર, સુરેન્દ્રસિંહ વાળા તેમજ વાવડી સરપંચ સમરથસિંહ જાડેજા અને ગામના આગેવાનો હાજર રહ્યા હતા.

## સોમનાથ ખાતે ૭ ઓગસ્ટે મોરારીબાપુ બાર જ્યોર્તિલીંગ રેલ કથાનું આગમન

(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય) પ્રભાસપાટણ તા. પ


સોમનાથમાં ૭ ઓગસ્ટે મોરારીબાપુ દ્વારા આઈઆરસીટીસીના સહયવગથી એક દિવસીય કથાનું આયોજન કરવામાં આવેલ છે.

દર બુધવારે અને શનિવારે પ્રસિદ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફક્ત રોકડેથી જ ફીક્સ દરે સ્વીકારવામાં આવે છે

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
• સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
• જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં
• આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો

ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૦ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
ગેરંટી સાથે ભેંસનું તથા ગાયનું ૧૦૦ ટકા શુધ્ધ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
આથી ગ્રાહકજનોને અમારા નવા મોબાઈલ નંબર નોંધી લેશો
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

સ્વાદનો ચટકો !
અમારે ત્યાંથી
● પાણીપુરી ● ભેળ ● સમોસા રગડો
● મસાલાપુરી ● દાબેલી ● રગડા પેટીસ
● દહીપુરી ● દિલ્હી ચાટ ● બાસ્કેટ ચાટ
● સેવપુરી ● લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
જલારામ પાણીપુરી
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

:: જોઈએ છે ::
૮૫ વર્ષ જુની અને જાણીતી રેટિયો કંપનીની પ્રોડકટ માટે FMCG અથવા અનાજ કઠોળની લાઈનના અનુભવ ધરાવતા સેલ્સમેન માર્કેટીંગ માટે જોઈએ છે.
ધોરાજી, વિસાવદર, તાલાળા, બિલખા માટે ડ્રીસ્ટીબ્યુટરશીપ આપવાની છે રસ ધરાવતા વેપારીઓએ સંપર્ક કરવો.
મો. ૯૯૯૮૭ ૮૯૬૪૪
મો. ૯૮૨૫૨ ૪૬૫૩૫

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

આઈસ્ક્રીમ
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

માણસો જોઈએ છે
બેકરી શો રૂમમાં કામ કરી શકે તેવા માણસોની જરૂર છે
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

# જૂનાગઢ - ગિર સોમનાથ જીલ્લાને હરિયાળુ બનાવવા સામાજિક વનીકરણ વિભાગ ગીર સોમનાથ વેરાવળનો પુરૂષાર્થ

જૂનાગઢ, તા. ૫

જૂનાગઢ અને સોમનાથ જિલ્લામાં ૭૪માં વનમહોત્સવ-૨૦૨૩ દરમ્યાન ચાલુ વર્ષે વિતરણ કરવા માટે સામાજિક વનિકરણ વિભાગ, ગિર સોમનાથ દ્વારા વિવિધ જાતિના ૩૦.૬૮ લાખ વિતરણ તથા વાવેતર માટે રોપાઓ તૈયાર કરાયા છે. જેમાં જૂનાગઢ જિલ્લામાં ૨૧.૨૯ લાખ અને ગિર સોમનાથ જિલ્લામાં ૯.૩૯ લાખ રોપાઓનો ચાલુ વર્ષે લક્ષ્યાંક છે.

ખાતાકિય નર્સરીઓમાં ૨૨.૦૮, લાખ વિકેન્દ્રિત નર્સરીઓમાં ૩.૮૦ લાખ, મહિલા નર્સરીઓમાં ૩.૨૦ લાખ એસ.એચ.જી ગ્રુપ નર્સરીઓમાં ૧.૬૦ લાખ આમ કુલ ૩૦.૬૮ લાખ રોપાઓનો ઉછેર નર્સરીમાં ઉછેર કરાયો છે. જુદી જુદી જાતના બીજ વિતરણ કરવાનુંપણ આયોજન છે.તેમજ આંગણવાડી, કૂપોષિત બાળકો, સગર્ભા સ્ત્રીઓના ઘર આંગણે ફળાવ રોપા વાવેતર- વિતરણ કરવાની ઝૂંબેશ પણ ચાલી રહી છે. જૂનાગઢમાં ૫૮ અને ગિર સોમનાથ જિલ્લામાં ૩૪ નર્સરીઓ (રોપ ઉછેર કેન્દ્ર) આવેલા છે. વૃક્ષારોપણનીપાવન કામગીરીને વ્યાપક, અસરકારક, સાર્વત્રિક અને લોકભોગ્ય બનાવવાના ઉદેશથી પ્રતિ વર્ષ વન મહોત્સવ યોજાતા રહે છે. જેથી વધુને વધુ સામાજિક વનિકરણ થઈ શકે. જેમાં નાગરિક, ખેડૂત, શૈક્ષણિક અને સેવાભાવી સંસ્થાઓ, ઉધોગકારો દ્વારા વધુને વધુ હિસ્સેદારી ખૂબ અગત્યનો ભાગ ભજવે છે. વન વિભાગ દ્વારા તેઓની વિવિધ નર્સરીઓમાં ઉછેરેલા વિવિધ રોપાઓનું તેઓને વિતરણ કરવામાં આવે છે,જેને સારો એવોપ્રતિસાદમળે છે. વિવિધ રોપાઓ પૈકી નીલગીરી, અરડુસો, લીમડો, દેશી બાવળ, બંગાળી બાવળ, સાગ, ફળાઉ, ફૂલછોડ, તુલસી વગેરેના રોપાઓનો સમાવેશ થાય છે.

રોપા વિતરણ માટે વન અને પર્યાવરણ વિભાગ દ્વારા રોપાના દર અને વિતરણની છે સુઆયોજીત પધ્ધતિ છે. જેમાં કેટલાક રોપાઓનું વિતરણ વિનામૂલ્યે કરવામાં આવે છે. તો કેટલાંકના ટોકન દરે વિતરણ કરવામાં આવે છે. થેલીની સાઈઝ મુજબ ભાવો નકકી થતાં હોય છે. રૂા.૨ થી લઈને રૂા.૧૦૦ સુધીના રોપાના ભાવ હોય છે. રોપાઓ ઉછેરવા અને તેની જાળવણી માટેનું માર્ગદર્શન પણ વન વિભાગ દ્વારા પૂરૂકકમ પાડવામાં આવે છે.

# સરકારના પ્રયાસો - કાર્યક્રમો થકી મહિલાઓની સુરક્ષા - જાહેર જીવનમાં ભાગીદારી વધી છે : શ્રીમતી શાંતાબેન ખટારીયા

## રાજકીય, સામાજિક જાહેર ક્ષેત્રે અગ્રેસર મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું : જૂનાગઢમાં મહિલા નેતૃત્વ દિવસની ઉજવણી કરવામાં આવી





જૂનાગઢ, તા.૫

નારી વંદન ઉત્સવ પખવાડિયાની ઉજવણી સંદર્ભે આજ રોજ જૂનાગઢ જિલ્લા પંચાયતના સભાખંડમાં મહિલા નેતૃત્વ દિવસની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રાજકીય, સામાજિક જાહેર ક્ષેત્રે અગ્રેસર મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. મહિલા નેતૃત્વ દિવસની ઉજવણી અન્વયે જૂનાગઢ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી શાંતાબેન ખટારીયા, જૂનાગઢ જિલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન દઢાણીયા, જૂનાગઢ જિલ્લા પંચાયતના સભ્ય શ્રીમતી શિલ્પાબેન ચુડાસમા, જિલ્લા પંચાયત સભ્ય શ્રીમતી ધર્મિષ્ઠાબેન શ્રીમતી કંચનબેન કામણીનું શીલ્ડ અને સાલથી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન દહેજ પ્રતિબંધક સંરક્ષણ અધિકારી (મનપા) એન.જી.વારસુર, દહેજ પ્રતિબંધક સંરક્ષણ અધિકારી (ગ્રામ્ય) બી.ડી. ભાડ, આભાર વિધિ આઈસીડીએસ પ્રોગ્રામ ઓફિસર ગીતાબેન વણપરિયા એ કર્યુ હતુ. કાર્યક્રમમાં પશુપાલન વિભાગ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી સહિતના વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શિક્ષણ, કલા ક્ષેત્રે અગ્રેસર છ મહિલાઓનું જીલ્લા પંચાયત પ્રમુખના હસ્તે સન્માન કરવામાં આવ્યું





જૂનાગઢ, તા.૫

મહિલા અને બાળ વિકાસ વિભાગ અને જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત નારી વંદન ઉત્સવ કાર્યક્રમના આજે ચોથા દિવસે મહિલા નેતૃત્વ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સામાજિક અને જાહેર ક્ષેત્રે અગ્રેસર મહિલાઓનું સન્માન જૂનાગઢ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી શાંતાબેન ખટારીયા, કારોબારી સમિતિના ચેરમેન શ્રીમતી કંચનબેન ડઢાણીયાના હસ્તે શિલ્ડઅનેસાલ વડે સન્માન કરવામાં આવ્યું હતું જેમાં ગાય આધારિત ખેતી અને તેમાંથી બનતી વસ્તુઓના ઉત્પાદન માટે ભાવનાબેન ત્રાંબળીયા, બેંક સખી લાઈવલીવુડ પ્રમોશન એક્ટિવિટી માટે મધુબેન દીપકભાઈ મકવાણા, શિક્ષણ ક્ષેત્રે નિવૃત નેશનલ એવોર્ડ વિનર પ્રિન્સિપાલ એમ.જી. ભુવા કન્યા વિદ્યાલય જોષીપુરા પ્રભાબેન પટેલ, શિક્ષણ ક્ષેત્રે નિવૃત નેશનલ એવોર્ડવિનર પ્રિન્સિપાલ ગવર્મેન્ટ ગર્લ્સહાઈસ્કુલ કેશોદ ડો. રમાબેન દેવાણી, કલાક્ષેત્રે લોકસંગીત ભક્તિસંગીત પ્રાચીન ભજન ક્ષેત્રે છેલ્લા ૨૫ વર્ષથી કાર્યરત નિરૂપમાબેન છેલભાઈ દવે, કલા ક્ષેત્રે સંગીત વિરાસત સુગમ સંગીત ભક્તિ સંગીત ગરબા ખુશાલીબેન જપનભાઈ બક્ષીનુંઆતકેસન્માન કરવામાં આવ્યુંહતું.

'મેરી મીટ્ટી મેરા દેશ કાર્યક્રમ અન્વયે જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા એકશનપ્લાન તૈયાર

# જૂનાગઢ મહાનગરપાલિકાના પદાધિકારીઓ, અધિકારીઓની બેઠક મળી : અનેકવિધ કાર્યક્રમો યોજાશે

જૂનાગઢ, તા.૫

જૂનાગઢ મહાનગર-પાલિકાની એકઅખબારી યાદી જણાવેલ છે કે, ગત તા.૨/૮/૨૦૨૩નો ગુરૂવારના રોજ જૂનાગઢ મહાનગરપાલિકા કચેરી ખાતે પદાધિકારીઓ તથા અધિકારીઓની રાજય સરકાર દ્વારા સુચવવામાં આવેલ 'મેરી માટી મેરા દેશ' કાર્યક્રમ અંતર્ગત બેઠક યોજવામાં આવેલ હતી. આ બેઠકમાં આગામી તા.૯થી ૧૯મી ઓગષ્ટ દરમ્યાન મેરી મીટ્ટી મેરા દેશ કાર્યક્રમ અન્વયે બૃહદ ચર્ચા વિમર્શ અને આયોજન થયેલ. આ કાર્યક્રમ અંતર્ગત તા.૯થી ૧૯ ઓગષ્ટ દરમ્યાન શહેર કક્ષાએ અનેક વિધ જાહેર જનતાને સાથે જોડી વિવિધ કાર્યક્રમો આયોજીત કરવામાં આવનાર છે જેમાં તા.૯ ઓગષ્ટના રોજ પંચપ્રાણ પ્રતિજ્ઞા અને ધ્વજવંદન તમામ પ્રાથમિક શાળાઓ તથા માધ્યમિક શાળાઓમાં યોજાશે તો તા.૧૦ ઓગષ્ટના રોજ મનપા વિસ્તારની તમામ કોલેજોમાં પંચપ્રાણપ્રતિજ્ઞા તથા ધ્વજવંદન યોજવામાં આવશે. જયારે તા.૧૧ ઓગષ્ટના રોજ તમામ આંગણવાડીઓમાં પ્રતિજ્ઞા તથા ધ્વજવંદન યોજવામાં આવશે. જયારે તા.૧૧ ઓગષ્ટના રોજ તમામ આંગણવાડીઓમાં પ્રતિજ્ઞા તથા ધ્વજવંદન યોજવામાં આવશે. જયારે તા.૧૧ ઓગષ્ટના રોજ તમામ આંગણવાડીઓમાં પ્રતિજ્ઞા અને ધ્વજવંદન આયોજીત કરવામાં આવશે.

તા.૧૩થી ૧૫ના રોજ હરઘરતિરંગા તમામ વોર્ડના મકાનોમાં તિરંગો લહેરાવવામાં આવશે. જયારે તા.૧૮ અને ૧૯ના રોજ શીલા ફલકમ, વિરવંદના પંચપ્રાણપ્રતિજ્ઞા અને ધ્વજવંદન નરસિંહ મહેતા સરોવર જેમાં મનપા જૂનાગઢ વિસ્તારના નામાંકિત અગ્રણીઓને તથા મહાનગર-પાલિકાના સ્વચ્છતાના બ્રાન્ડ એમ્બેસેન્ડરોને જોડવામાં આવશે. જયારે સ્પોર્ટસ કોમ્પલેક્ષ તથા સ્વામિ વિવેકાનંદ ગ્રાઉન્ડ ખાતે વૃક્ષારોપણ યોજવામાં આવશે. આમ જૂનાગઢ મહાનગરપાલિકા વિસ્તારમાં આગામી તા.૯ થી ૧૯ ઓગષ્ટ સુધી શિલા ફલકમ, પંચપ્રાણ પ્રતિજ્ઞા, વસુધા વંદન, વિરો કા વંદન, રાષ્ટ્રધ્વજ વંદના અને વૃક્ષારોપણના અવનવા જાગૃતિસભર કાર્યક્રમો આયોજીત થનાર છે જેમાં ઉત્સાહભેર જોડાવા જૂનાગઢ મહાનગરપાલિકા યાદીના અંતમં જણાવેલ છે.

# માંગરોળના કરમદી ચિંગરિયા પ્રાથમિક શાળા ખાતે ચિલ્ડ્રન પેઈન્ટિંગ વર્કશોપ યોજાયો






જૂનાગઢ, તા.૫

જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના કરમદી ચિંગરીયા પ્રાથમિક શાળા ખાતે ચિલ્ડ્રન પેઈન્ટિંગ વર્કશોપ યોજાયો હતો

ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી અમદાવાદ આયોજિત, જિલ્લા યુવા વિકાસ અધિકારી જૂનાગઢ સંચાલિત કરમદી ચિંગરીયા પ્રાથમિક શાળાના સહયોગથી આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત ચિલ્ડ્રન પેઈન્ટિંગ વર્કશોપનું આયોજન તારીખ ૨૫ થી ૨૯ જુલાઈ દરમિયાનકરમદી ચિંગરીયા પ્રાથમિક શાળા માંગરોળ ખાતે યોજાયો હતો. જેમાં વિવિધ શાળાઓના ૬ થી ૧૪ વર્ષના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ ચિલ્ડ્રન પેઈન્ટિંગ વર્કશોપમાં પૂજાબેન મકવાણાએ નિષ્ણાંત તરીકે સેવા આપેલ હતી. આ ચિલ્ડ્રન પેઈન્ટિંગ વર્કશોપ માં બાળકો એ રાષ્ટ્રીય એકતા, કુદરતી દ્રશ્યો, મારી માટી મારો દેશ, પનિહારી, મારૂ ગામ જેવા વિષય પર પેઈન્ટિંગ અંગેની તાલીમ મેળવેલ હતી.

સમાપન કાર્યક્રમમાંસરપંચ કરમદી ચિંગરીયા ના હિતેશભાઈ સગારકા, અધ્યક્ષ એસએમસી વિજયભાઈ કરગઠિયા, આચાર્યકરમદી ચિંગરીયા પ્રાથમિક શાળા યોગેશભાઈ ડોડીયા અને શાળાનો સ્ટાફ ઉપસ્થીત રહી બાળકોને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કર્યા હતા. એમ જૂનાગઢ જિલ્લા યુવા વિકાસ અધિકારીની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# એસટી વિભાગ જૂનાગઢમાં વિદાય સમારોહ યોજાયો



જૂનાગઢ, તા.૫

બ્રહ્મ સમાજ સાધુ સમાજના પ્રમુખ રાજેન્દ્રબાપુ અને ડ્રાઈવર અશ્વિનભાઈ વયમર્યાદાન કારણે નોકરીમાંથી નિવૃત થતા તમનો વિદાય સમારંભ બ્રહ્મ સમાજ, સાધુ સમાજ દ્વારા યોજવામાં આવ્યો હતો જેમાં એચ.એમ. આનંદબાપુ, સુભાષ મહેતા, પંકજ પંડયા, હિતેશ મેષવાણીયા, દિપકબાપુ, રાજુભાઈ જોષી, અગ્રણી હરપાલસિંહ, નંદલાલભાઈ, સુનીલભાઈ મેષવાણીયા ગેરે ઉપસ્થિત રહ્યા હતા.(તસ્વીર :જયેશ મહેતા)

'મારી માટી, મારો દેશ' - માટીને નમન, વીરોને વંદન

# દેશના તમામ ૨.૫ લાખથી વધુ ગામની માટીમાંથી દિલ્હી ખાતે 'અમૃત વાટિકા'નું થશે નિર્માણ

## વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આહવાનથી દેશભરમાં તા. ૯થી ૩૧ ઓગસ્ટ દરમ્યાન યોજાશે ''મારી માટી, મારો દેશ'' અભિયાન

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું છે કે, પ્રતિદિન માતૃભૂમિ માટે જીવવું, સમયની દરેક ક્ષણ અને જીવનનો પ્રત્યેકકણ માભોમને સમર્પિત કરીએ, એ જ આઝાદીના લડવૈયાઓને આપણી સાચી શ્રદ્ધાંજલિ હશે. દેશના સ્વાતંત્ર્યસેનાનીઓના યોગદાન અને સંઘર્ષના પરિણામે ભારતને મહામૂલી આઝાદી મળી, અને આજે દેશની આઝાદીને ૭૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. દેશના અમૃતકાળની ભવ્ય ઉજવણી કરવા તેમજ આગામી ૨૫ વર્ષમાં ભારતને વિકસિત દેશ બનાવવા સ્વપ્ન માટે રોડમેપ તૈયાર કરવા વડાપ્રધાને ૧૨ માર્ચ, ૨૦૨૧થી ''આઝાદી કા અમૃતમહોત્સવ''નો શુભારંભ કરાવ્યો હતો. ઓગષ્ટ-૨૦૨૩માં આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી પૂર્ણ થશે. દેશના અમૃતકાળને વધુ યાદગાર બનાવવા ભારતના સ્વાતંત્ર્ય સેનાની અને દેશ માટે શહાદત વહોરનાર દરેક વીરજવાનને સાચી શ્રદ્ધાંજલિ આપવા દેશભરમાં ''મારી માટી, મારો દેશ'' અભિયાન હાથ ધરવામાં આવશે.

''મારી માટી, મારો દેશ- માટીને નમન, વીરોને વંદન''

''આઝાદી કા અમૃતમહોત્સવ''ની પૂર્ણાહુતિને વધુ ભવ્ય અને યાદગાર બનાવવા આગામી તા. ૯ થી ૩૧ ઓગષ્ટ દરમિયાન સમગ્ર દેશમાં ''મારી માટી, મારો દેશ - માટીને નમન, વીરોને વંદન'' અભિયાન હાથ ધરવામાં આવશે. માતૃભૂમિને સમર્પિત આ ઝુંબેશ હેઠળ દેશભરની તમામ એટલે કે, ૨.૫ લાખથી વધુ ગામની માટી એકઠી કરીને તેને રાજધાની દિલ્હીના કર્તવ્ય પથ સુધી લાવીને ''આઝાદી કા અમૃત મહોત્સવ સ્મારક'' તેમજ ''અમૃતવાટિકા'' નું નિર્માણ કરવામાં આવશે. આ સ્મારક આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીનું સ્મૃતિસ્થળ અને સાથે જ દેશ માટે સર્વોચ્ચ બલિદાન આપનાર વીરસપૂતો માટે સાચી શ્રદ્ધાંજલિ હશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં પણ ''મારી માટી, મારો દેશ'' ઝુંબેશ હેઠળ આગામી તા. ૯ થી ૨૫મી ઓગષ્ટ દરમ્યાન વિવિધ સ્થાનિક કાર્યક્રમો અને માટીયાત્રાઓનું આયોજન કરવામાં આવશે.

દેશભરમાં યોજાશે માટી યાત્રા ''મારી માટી, મારો દેશ'' અભિયાન અંતર્ગત દેશભરમાં સ્થાનિક કાર્યક્રમો અને માટી યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. દેશભરના ગામડાઓમાં ગામથી તાલુકા સુધીની માટી યાત્રાઓ યોજાશે. આ યાત્રા ગામડે-ગામડેથી એક-એકમુઠ્ઠીમાટી લઈ તેને તાલુકા કક્ષાએ એકત્ર કરશે. ત્યારબાદ તાલુકાથી દિલ્હી કર્તવ્યપથ સુધીની અમૃત કળશ યાત્રાનું પણ આયોજન કરવામાં આવશે. જેમાં દરેક તાલુકાનું પ્રતિનિધિત્વ કરતા ૭૫૦૦થી પણ વધારે યુવાનો એકત્ર થયેલી માટીના કળશ અમૃત વાટિકાની સ્થાપના માટે દિલ્હી – કર્તવ્યપથ સુધી પહોંચાડશે.

**સ્થાનિક કક્ષાએ યોજાશે પાંચ મુખ્ય કાર્યક્રમ**

૧. શિલાફલકમનું સ્થાપન : દેશના દરેક ગામ અને ગ્રામપંચાયત વિસ્તારમાં આવેલા અમૃત સરોવર કે જળાશયો ખાતે અને જ્યાં જળાશયો ઉપલબ્ધ ન હોય, ત્યાં પંચાયત ઓફિસ, શાળા પાસે સ્મારક પથ્થરની તકતી (શિલાફલકમ) ઉભી કરવામાં આવશે. શહીદ વીરોના બલિદાનને સમર્પિત આ તકતીમાં સ્થાનિક વીરોના નામનો સમાવેશ કરવામાં આવશે.

૨. 'પંચ પ્રણ' પ્રતિજ્ઞા : ? સ્થાનિક કક્ષાએ યોજાતા કાર્યક્રમ દરમિયાન નાગરીકો હાથમાં મુઠ્ઠીભર માટી અથવા માટીનો દિવો રાખી રાષ્ટ્રની એકતા અને અખંડિતતા માટે સામૂહિક પ્રતિજ્ઞા લેશે.

અમૃતકાળનાપંચપ્રણ :

- વિકસિત ભારતનું લક્ષ્ય
- ગુલામીની માનસિકતામાંથી સ્વતંત્રતા
- ભારતના સમૃદ્ધ વારસા પર ગર્વ અને તેનું સંરક્ષણ
- દેશની એકતા અને એકસૂત્રતા
- નાગરિકોમાં ફરજ અને જવાબદારીની ભાવના

૩. વસુધા વંદન : વસુધા વંદન કાર્યક્રમ અંતર્ગત માભોમને વધુ હરિયાળી બનાવવા દેશની દરેક એટલેકે ૨.૫ લાખથી વધુ ગ્રામ પંચાયતમાં પંચાયત દીઠ ૭૫ રોપાઓનું વાવેતર કરીને તેનો ઉછેર કરવામાં આવશે. આ ઉપરાંત દિલ્હી ખાતે પણ અમૃતવાટિકાનું નિર્માણ કરવામાં આવશે.

૪. વીરોને વંદન : વીરોને વંદન કાર્યક્રમ અંતર્ગત ગ્રામ પંચાયત કક્ષાએ યોજાનાર દરેક સમારોહમાં સ્વાતંત્ર્ય સેનાનીઓ અને શહીદ સેનાનીઓના પરિવારો, સંરક્ષણ કર્મચારીઓ અથવા તેમના પરિવારોને આમંત્રિત કરીને વીરોનું સ્થાનિક પરંપરા અને રીવાજ અનુસાર સન્માન કરવામાં આવશે.

૫. રાષ્ટ્રધ્વજ ફરકાવવો અને રાષ્ટ્રીયગીત ગાન : ગ્રામપંચાયત કક્ષાએ યોજાનાર કાર્યક્રમોમાં ગ્રામજનો દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં અને રાષ્ટ્રગાન પણ ગાવામાં આવશે.

આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીને જનભાગીદારી થકી વધુ ભવ્ય બનાવવામાં સફળતા મળી છે. 'મારી માટી, મારો દેશ અભિયાન' ને પણ જનભાગીદારી થકી વધુ ભવ્ય બનાવવા ભારત સરકાર દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. જેને અનુસરીને ગુજરાત સરકાર દ્વારા પણ આ અભિયાનને સફળ બનાવવા પ્રયાસો હાથ ધરાઈ રહ્યા છે. રાજ્ય સરકાર દ્વારા ગાંધીનગરમાં તા.૧૬ થી ૨૫ ઓગસ્ટ દરમિયાન ''મારી માટી, મારો દેશ'' ઝુંબેશને સમર્પિત પ્રાસંગિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવશે.

ગુજરાતના શહેરી વિસ્તારો પણ આ અભિયાનમાં સક્રિયરીતે સહભાગી થશે. ગ્રામીણ વિસ્તારોની જેમ શહેરી વિસ્તારમાં પણ સૌપ્રથમ ટાઉન પંચાયત, કેન્ટોન્મેન્ટ બોર્ડ, ત્યાર બાદ નગરપાલિકા અને મહાનગરપાલિકા કક્ષાએ તેમજ અંતમાં દેશની રાજધાની ખાતે 'મારી માટી, મારોદેશ' અભિયાન હેઠળ વિવિધ કાર્યક્રમો યોજાશે.

આ અભિયાનના ભાગરૂપે દરેક ભારતીય માતૃભૂમિની માટી, વીર જવાનો પ્રત્યે આદર દર્શાવવા મુઠ્ઠી ભરીને માટી અને માટીનો દીવો સમર્પિત કરશે. પંચ પ્રણ દ્વારા શપથ લઈને રાષ્ટ્ર નિર્માણનું વચન આપશે અને આ અભિયાનની વેબસાઈટ ઉપર સેલ્ફી પણ અપલોડ કરશે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષની ઉજવણી એ બીજને ઉત્તેજન આપવાની પહેલ

સત્તાધીશો અને દુનિયાભરના લોકો માટે એ તથ્ય ગંભીર ચિંતાનો વિષય હોવો જોઈએ કે પાછલી એક સદીમાં વિશ્વની નેવું ટકા અનાજની જાતો ગાયબ થઈ ગઈ છે. અનાજની આ જાતો પરંપરાગત સમાજો, વિષમ જળવાયુમાં ખેતી કરનારા લોકો, આદિવાસીઓ વગેરેનો સદીઓ જૂનો વારસો હતો. જે પૌષ્ટિકતાથી ભરપૂર તો હતી જ, સાથે જ વિપરીત જળવાયુમાં જીવન ગુજારવાનો સ્રોત હતી. નિઃસંદેહ ફૂડ ડાયવર્સિટીનો ખાતમો માનવતા માટે શુભસંકેત નથી. અસલમાં ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન એટલે કે એફએઓના એક રિપોર્ટ અનુસાર દુનિયામાં પરંપરાગત અનાજોની નેવું ટકા જાતો છેલ્લા સો વર્ષમાં ગાયબ થઈ ગઈ છે. આ સમયે દુનિયામાં બાકી નવ મુખ્ય પ્રજાતિઓ જ વિશ્વની આબાદીના જીવનનો રસ્તો બની ગઈ છે. કુદરતનું પોતાનું ચક્ર છે. આપણે અત્યાર સુધી દુનિયામાં જીવજંતુઓ અને વનસ્પતિઓની જાતો ખતમ થવાના સમાચારો વાંચતા હતા. પરંતુ એ ભયાવહ છે કે મનુષ્યના જીવનના મુખ્ય આધાર અનાજની જાતો પણ ગાયબ થઈ રહી છે. આ ગાયબ થનારી અનાજની જાતોમાં કઠોળ, તેલીબિયાં, ધાન્ય, ઘઉં અને જાડાં અનાજની કેટલીય દુર્લભ પ્રજાતિઓ સામેલ છે, જેમાં ધાન્યની જાતો વધારે છે. કૃષિ વૈજ્ઞાનિકો ચેતવી રહ્યા છે કે આ સદીના મધ્ય સુધી અનાજની હાલની જાતોના એક તૃતિયાંશ હિસ્સાથી માનવ વંચિત થઈ જશે. આ રીતે એગ્રો બાયોડાયવર્સિટીનું સંકુચન માનવતા માટે શુભ સંકેત ક્યારેય ન કહી શકાય. અસલમાં આ સંકટના મૂળમાં આધુનિક સભ્યતામાં ચોખા અને ઘઉંની હાઈબ્રિડ પ્રજાતિઓનો મોહ મુખ્ય કારણ છે. જેને બહુરાષ્ટ્રીય બીજ કંપનીઓના નફાની ભૂખે વધુ ઉત્તેજન આપ્યું છએ. ખેડૂતને વધુ પેદાશનો લાભ તો મળ્યો, પરંતુ આ વધુ નફાની હોડમાં પરંપરાગત બીજ ઉપયોગથી બહાર થઈ ગયાં. સમયાંતરે તે લુપ્તપ્રાય જ થઈ ગયાં. અસલમાં વૈજ્ઞાનિક સંશોધન દ્વારા આ બીજોમાં એટલી બધી વાર પરિવર્તન કરવામાં આવ્યું કે તેમની મૌલિકતા ખતમ થઈ ગઈ. ઉત્પાદન ચોક્કસ વધ્યું પરંતુ પાકોની પૌષ્ટિકતા ખતમ થઈ ગઈ.

નિઃસંદેહ, પૌષ્ટિક તત્ત્વોની શરીરમાં ઉણપ સર્જાવાથી દુનિયામાં વિવિધ પ્રકારની બીમારીઓને ઉત્તેજન મળ્યું છે. અસલમાં જો આપણે માનવ દ્વારા સદીઓથી સાચવવામાં આવેલ પરંપરાગત અને પૌષ્ટિક પાકો ગાયબ થવાનાં કારણો પર નજર નાખીએ તો કથિત હરિત ક્રાંતિઓની પણ તેમાં મોટી ભૂમિકા છે. દુનિયાની સતત વધતી આબાદીનું પેટ ભરવા માટે જે બીજોને જેનેટિકલી પરિવર્તિત કરવામાં આવ્યાં, તેને કારણે પરંપરાગત પાકોનાં બીજ હાલના પરિદૃશ્યથી ગાયબ થઈ ગયા. કૃષિ વિશેષજ્ઞોએ વ્યાવસાયિક ખેતીને પ્રાથમિકતા આપવાની કોશિશમાં વધુ ઉત્પાદનને ઉત્તેજન આપનારા પાકોને પ્રોત્સાહન આપ્યું. પછી પરંપરાગત બીજોને અવ્યાવહારિક ગણાવીને નકારી દેવામાં આવ્યાં. વીસમી સદીથી શરૂ થયેલ આ વલણ આધુનિક ટેકનિકથી થનારી વ્યાવસાયિક ખેતીમાં ચરમ પર પહોંચી ગયું. જેનું અનુસરણ ભારત જેવા વિકાસશીલ અને ગરીબ દેશોએ પણ કર્યું.

આ સંકટમાં બહુરાષ્ટ્રીય કંપનીઓના નફાના ખેલની પણ મોટી ભૂમિકા રહી. તેમણે ઉન્નત પ્રકારનાં બીજોને શોધ-સંશોધન દ્વારા મેળવ્યાં. પછી એ બીજોની પેટન્ટ કરાવી લીધી. તેમણે પાકનાં એવાં બીજ તૈયાર કર્યાં જેના દ્વારા ખેડૂત એક પાક તો લઈ શકે, પરંતુ તેને બીજ રૂપે ફરી ઉપયોગ ન કરી શકે. એટલે કે એક પાક થયા બાદ બીજ માટે તેણે ફરીથી બીજ તૈયાર કરનારી કંપનીઓ પાસેથી બીજ ખરીદવાં પડતાં હતાં. શરૂઆતમાં બહુરાષ્ટ્રીય કંપનીઓએ તેને સસ્તાભાવે વેચ્યાં. જેને કારણે વિકાસશીલ અને નિર્ધન દેશોના ખેડૂત પોતાના પરંપરાગત પાકોના બીજોને છોડીને બીજ ઉત્પાદક કંપનીઓ પર નિર્ભર થઈ ગયા. જેણે આ સંકટને વધુ ઘેરું બનાવ્યું.

આ સંકટનું એક કારણ એ પણ રહ્યું કે આર્થિક સ્થિતિમાં સુધારને કારણે લોકોની ખાનપાનની આદતોમાં પણ બદલાવ આવ્યો અને તે જાડાં અનાજની જગ્યાએ ચોખા અને ઘઉંનો ઉપયોગ કરવા લાગ્યા. જેને કારણે જાડાં અનાજ અને પરંપરાગત પાકોનાં બીજ ગાયબ થવા લાગ્યાં. ભારત સરકારના પ્રયાસોથી આ વર્ષ આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ ઉજવવું આ જ બીજોને ઉત્તેજન આપવાની દિશામાં અભિનવ પહેલ જ છે. એક જ પ્રકારના પાક ઉગાડવાથી જમીનની ફળદ્રુપતા પર પણ ઘાતક અસર પડે છે. જ્યારે પાકો પર કીટકો અને તીડના હુમલાનો ખતરો પણ વધશે. નિઃસંદેહ વૈશ્વિક પાક વિવિધતાનું ખતમ થવું એક સમયે ભૂખમરાનું કારણ બની શકે છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

સતત મહેનત કર્યા વિના કોઈપણ ફળ મેળવી શકાતું નથી.
- ગારિફલ્ડ

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.સ્પેન્દાર્મદ-૧૩૯૨, મુ. મોહરમ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, અધિક શ્રાવણ વદ-૩ પંચક, સંકષ્ટ ચતુર્થી (ચંદ્રોદય રાત્રે ૯:૪૮ ક.) તા.૪ ઓગષ્ટ ૨૦૨૩, શુક્રવાર, પારસી તા.૨૪, મુસ્લિમ તા.૧૬, શત્તતારકા નક્ષત્ર, શોભન યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૨૨, સૂ.અ.૭:૩૧

આજનો દિવસ બપોરે ૧૨:૪૪ ક. શુધી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ), રાત્રે ૧૧:૧૭ ક. પછી જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: મહત્વના કાર્યમાં સફળતા મળે. ગૃહજીવનમાં ઘર્ષણ થવા સંભવ છે.
વૃષભ: નાણાંભીડ હળવી બને. નવિન શુભ સમાચાર મળે.
મિથુન: માનસિક પ્રસન્નતાનો અનુભવ થાય. પ્રવાસમાં સફળતા મળે.
કર્ક: વિશ્વાસે વહાણ ન ચલાવવું. અપયશના ભોગ બનવું પડે.
સિંહ: કાર્યોમાં અટકી-અટકીને સફળતા મળે. આર્થિક પરિસ્થિતિ ગુંચવાય.
કન્યા: જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે. તમારા પ્રયત્નો ફળે.
તુલા: ધીરજની કસોટી થાય. મનમાં ઉગ્રતા રહે.
વૃશ્ચિક અગત્યના કાર્યમાં રૂકાવટ આવે. નાણાંભીડ ઉદ્ભવે.
ધન: ઘરમાં વાદ-વિવાદના પ્રસંગ બને. પ્રયત્નો વિલંબથી ફળે.
મકર: આરોગ્ય બાબતે ચિંતા રહે. વ્યર્થ ખર્ચના ભોગ બનવું પડે.
કુંભ: ચિંતાનો ઉકેલ મળે. નાણાંકીય સમસ્યા હળવી બને.
મીન: પુરૂષાર્થ પછી યોગ્ય ફળ મળે. પડવા-વાગવાથી સંભાળવું.

# વૈજ્ઞાનિકોએ આપણી આકાશગંગામાં શોધી કાઢ્યો આલ્કોહોલનો ભંડાર

## સંશોધકોના મતે, પ્રોપેનોલના રૂપમાં અંતરિક્ષમાં અત્યાર સુધીના સૌથી મોટા આલ્કોહોલ મોલેક્યુલની આ શોધ છે




નવી દિલ્હી, તા.૫

અવકાશમાં ઘણા બધા ગ્રહો અને તારાઓ છે. અને એ જ સમયે કેટલાક નવા સ્ટાર્સ પણ બનતા રહે છે અને જૂનાનો અંત આવતો રહે છે. હવે વૈજ્ઞાનિકોને અવકાશમાં તારાઓ અને ગ્રહોની સાથે દારૂના વાદળો પણ મળ્યા છે. જોકે, વૈજ્ઞાનિકોના મતે અવકાશમાં મળેલા આલ્કોહોલનો ભંડાર માઈક્રોસ્કોપિક મોલેક્યુલર સ્વરૂપમાં છે. સંશોધકોના મતે, પ્રોપેનોલના રૂપમાં અંતરિક્ષમાં અત્યાર સુધીના સૌથી મોટા આલ્કોહોલ મોલેક્યુલની આ શોધ છે. સંશોધકોના મતે પ્રોપેનોલ પરમાણુ બે સ્વરૂપમાં જોવા મળે છે. પ્રથમ સરળ પ્રોપેનોલ છે, જે સૌપ્રથમ તે પ્રદેશમાં જોવા મળે છે જ્યાં તારાઓ રચાય છે. બીજું, ત્યાં **isopropanol** છે, જેનો ઉપયોગ સેનિટાઈઝર બનાવવા માટે થાય છે. આકાશગંગાની બહાર અવકાશમાં હજુ સુધી આઈસોપ્રોપાનોલ શોધી શકાયું નથી. વૈજ્ઞાનિકોની આ શોધ ઉલ્કાઓ અને ધૂમકેતુઓની રચનાનું રહસ્ય જાણવામાં ઘણી મદદ કરી શકે છે. યુનિવર્સિટી ઓફ વર્જિનિયાના એસ્ટ્રોકેમિસ્ટ રોબ ગેરોડના જણાવ્યા અનુસાર, પ્રોપેનોલના બંને સ્વરૂપોની હાજરી બંનેની રચના નક્કી કરવામાં મદદરૂપ થશે. બંને વચ્ચે ઘણી સામ્યતા છે. આનો અર્થ એ છે કે, બે પરમાણુઓ એક જ સમયે એક જ જગ્યાએ હાજર હોવા જોઈએ. વૈજ્ઞાનિકોને ધનુરાશિ **B-2** માં આલ્કોહોલના પરમાણુ મળ્યા છે, જે પ્રદેશમાં તારાઓનો જન્મ થાય છે. આ પ્રદેશ આપણી આકાશગંગાના કેન્દ્રની નજીક છે. ધનુરાશિ **B-2** એ ધનુરાશિ-**A**, આપણી આકાશગંગાના મોટા બ્લેક હોલની નજીક છે. અવકાશમાં આ પ્રકારનું મોલેક્યુલર વિશ્લેષણ ૧૫ વર્ષથી ચાલી રહ્યું છે. લગભગ ૧૦ વર્ષ પહેલાં, એટાકામા લાર્જ **mm/submm** એરે એટલે કે **ALMA** ટેલિસ્કોપ ચિલીમાં તૈનાત કરવામાં આવ્યું હતું. આ પછી શોધને વેગ મળ્યો. **ALMA**ની મદદથી, વૈજ્ઞાનિકો અવકાશની ઊંડાઈમાં સ્પષ્ટપણે જોઈ શક્યા. **ALMA**ની મદદથી, સંશોધકોને એવા પરમાણુઓને ઓળખવામાં મદદ કરવામાં આવી જે પહેલાં ક્યારેય જોવામાં આવ્યા ન હતા. સંશોધકોના જણાવ્યા અનુસાર, **ALMA** ની મદદથી, ધનુરાશિ **B-2**માં મોટાભાગના ઈન્ટરસ્ટેલર પરમાણુઓ શોધવામાં આવી રહ્યા છે. તે શોધી શકાય છે કે, તારાઓ બનાવવા માટે કયા પ્રકારના પરમાણુઓ એક સાથે જોડાય છે. અવકાશમાં ઓર્ગેનિક મોલેક્યુલ્સ આઈસો-પ્રોપીલ સાયનાઈડ અને યુરિયા પણ મળી આવ્યા છે. અગાઉ ૨૦૦૬માં પણ દારૂના ૪૬૩ અબજ કિલોમીટર લાંબા વાદળની શોધ થઈ હતી. તે પૃથ્વીથી ૬૫૦૦ પ્રકાશ વર્ષ દૂર અવકાશમાં તરતું છે. આ શોધ બ્રિટનના મર્લિન રેડિયો ટેલિસ્કોપ દ્વારા કરવામાં આવી હતી. સર્ચ ટીમ **W-3(OH)** નામના વિસ્તાર પર નજર રાખી રહી હતી. આપણી આકાશગંગામાં આ સ્થાન પર ધૂળ અને વાદળ વાયુના ગુરુત્વાકર્ષણથી તારાઓ બને છે. વૈજ્ઞાનિકોને ખબર પડી કે, આ વિસ્તારમાં ગેસના વિશાળ વાદળો છે, જેમાં આલ્કોહોલના અણુઓ છે.

# એન્જિનિયરને છોકરીએ ૧.૧ કરોડનો ચૂનો લગાડ્યો



બેંગલુરૂ, તા.૫

લગ્ન કરવા માટે ઘણા છોકરા છોકરીઓ મેટ્રીમોનિયલ વેબસાઈટનો આશરો લેતા હોય છે. પરંતુ આમ કરવામાં ઘણી વખત ભરાઈ પડતા હોય છે. આવો જ એક કિસ્સો એન્જીનીયર સાથે બન્યો છે. ઈજનેરે મેટ્રીમોનિયલ વેબસાઈટ પર છોકરી પસંદ કરી હતી. શરૂઆતમાં છોકરીએ સંસ્કારી હોવાનો દેખાડો કર્યો હતો. બાદમાં તેણે ઈજનેરને ૧.૧ કરોડ રૂપિયાનો ચૂનો લગાવ્યો હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર એક સોફ્ટવેર એન્જિનિયર ઓફિસના કામથી બ્રિટનથી બેંગ્લોર આવ્યો હતો. તે લગ્ન કરવા માંગતો હતો તેથી તેણે મેટ્રિમોનિયલ સાઈટ પર તેની પ્રોફાઈલ રજીસ્ટર કરાવી. આ પછી તે વેબસાઈટની મદદથી એક મહિલાને મળ્યો જ્યાં બંનેએ મોબાઈલ નંબર એકસચેન્જ કર્યા. તે પછી બંનેએ નિયમિત વાત કરવાનું શરૂ કર્યું. આ પછી મહિલાએ કહ્યું કે તે તેની માતા સાથે રહે છે અને પિતા હવે આ દુનિયામાં નથી. મહિલાએ શરૂઆતમાં તેની માતાની સારવાર માટે ૧,૫૦૦ રૂપિયા ઉધાર માંગ્યા હતા. આ પછી મહિલાએ તે વ્યક્તિને વીડિયો કોલ કર્યો અને ગુપ્ત રીતે તે વીડિયો કૉલ્સ રેકોર્ડ કર્યા. જોકે, બંને વચ્ચે વોટ્સએપ કોલ દરમિયાન શું થયું તે હજુ સુધી જાણવા મળ્યું નથી. મેટ્રીમોનિયલ સાઈટનો ચેતવણી સમાન કિસ્સો પોલીસે ૮૪ લાખ રૂપિયા ફ્રીઝ કરી દીધા છે, જ્યારે આરોપી મહિલાએ ૩૦ લાખ રૂપિયા વાપરી દીધા વીડિયો કોલ પછી મહિલાએ તે વ્યકિતને બ્લેકમેઈલ કરવાનું શરૂ કર્યું કે જો તે તેને પૈસા નહીં આપે તો તે તેની ઈમેજ ખરાબ કરવા માટે તે વીડિયો ક્લિપ્સનો ઉપયોગ કરશે. આ પછી વ્યક્તિએ બે અલગ-અલગ બેંક ખાતામાં ૧.૧૪ કરોડ રૂપિયા જમા કરાવ્યા. આ પછી પણ મહિલાનું બ્લેકમેલિંગ ચાલુ રહ્યું, ત્યારબાદ વ્યક્તિએ પોલીસને જાણ કરી હતી. પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી છે. તેમણે જણાવ્યું કે મહિલાએ નકલી આઈડી અને નામથી પ્રોફાઈલ તૈયાર કરી હતી, જેનો હેતુ લોકોને છેતરવાનો હતો. ડીસીપી એસ ગિરીશે જણાવ્યું કે પોલીસે ૮૪ લાખ રૂપિયા ફ્રીઝ કરી દીધા છે, જ્યારે આરોપી મહિલાએ ૩૦ લાખ રૂપિયા વાપરી દીધા છે.

# ઘણા જીવો જોરથી ચીસ પાડે તો ફાટી જશે કાનનો પડદો



નવી દિલ્હી, તા.૫

સ્પર્મ વ્હેલ પ્રાણીઓમાં સૌથી મોટો અવાજ ધરાવે છે. તે મહત્તમ ૨૩૦ ડેસિબલનો અવાજ ઉત્સર્જન કરી શકે છે જ્યારે બ્લુ વ્હેલ ૧૮૮ ડેસિબલ્સ ઉત્પન્ન કરે છે. ટાઈગર પિસ્ટલ ઝીંગા ૨૦૦ ડેસિબલથી વધુ જોરથી અવાજ કરી શકે છે. તે બંદૂકની ગોળી કરતાં વધુ છે. ભૂમધ્ય સમુદ્રમાં જોવા મળતું આ પ્રોન સામાન્ય રીતે શાંત રહે છે. બુલડોગ બેટ ત્રીજા નંબર પર છે. જો ચામાચીડિયાની આ પ્રજાતિ તેની તમામ શક્તિ સાથે ચીસો પાડે છે, તો તે ૧૪૦ ડેસિબલ કરતાં વધુ જોરથી અવાજ બહાર કાઢી શકે છે. આ અલ્ટ્રાસોનિક અવાજો ઉત્પન્ન કરે છે. ગ્રીન ગ્રોસર ૧૩૫ ડેસિબલથી વધુ જોરથી અવાજ પણ કરી શકે છે. તમને જાણીને નવાઈ લાગશે કે જો આ અવાજ રાતની નીરવતામાં કરવામાં આવે તો તેનો અવાજ દોઢ કિલોમીટર સુધી સંભળાય છે. કાકાપો પાંચમા નંબરે છે. ન્યુઝીલેન્ડમાં જોવા મળતા પોપટની આ એક ખાસ પ્રજાતિ છે જે ઘુવડ જેવો દેખાય છે. પરંતુ તે સામાન્ય પોપટની જેમ ઉડી શકતો નથી. તે ૧૩૦ ડેસિબલ સુધી અવાજ ઉત્સર્જન કરી શકે છે. જીવોનો અવાજ છે ભયંકર હાઉલર વાંદરાઓ ધીમી ગતિએ ચાલતા વાંદરાઓ છે જે સામાન્ય રીતે સૌથી ઉપરની ડાળીઓ પર રહે છે. તેઓ એકબીજા સાથે વાતચીત કરવા માટે ખૂબ જ મોટા અવાજમાં વાત કરે છે. જીવવિજ્ઞાનીઓના મતે તેમનો અવાજ ૧૨૮ ડેસિબલથી વધુ હોઈ શકે છે.

અધિક માસનું કથામૃત
- કનકચંદ્ર સી. વ્યાસ



# ગાયની સેવાનું ફળ

પૂર્વે જબાલા નામની એક સારા આચરણ વાળી બ્રાહ્મણી હતી. તે નિર્દોષ સ્વભાવ સ્ત્રીને ત્યાં તેના જેવો જ નિર્દોષ‘‘સત્યકામ નામનો પુત્ર હતો. એ સત્યકામને જ્ઞાન મેળવાવની ખૂબ જ ઈચ્છા હતી તેથી તેણે પોતાની માતા જબાલાને નમ્રતા‘‘પૂર્વક કહ્યું, ‘‘હે માતા, મને જ્ઞાન મેળવવાની ખૂબ જ ઈચ્છા છે. જો તમે મને રજા આપો તો હું કોઈ ગુરૂકૂળમાં જઈ અને‘‘કોઈ સદ્ગુરૂ પાસે જ્ઞાન મેળવી આવું.’’‘‘પુત્રના આવા વચન સાંભળી પહેલા તો માતા જબાલા પણ ખુશખુશાલ થઈ ગઈ પરંતુ અચાનક જ કંઈક યાદ‘‘આવતા તે મૂંઝવણમાં પડી ગઈ અને કહેવા લાગી, ‘‘બેટા, તારી વાત સાચી કે જ્ઞાનની પ્રાપ્તિ તો કરવી જ જોઈએ. પરંતુ‘‘આપણને આપણા ગામની જ ખબર નથી. તારો જન્મ થયો ત્યારે તારા પિતાજી ખૂબ જ પ્રવૃત્તિમય રહેતા અને લોકો પણ‘‘ખૂબ જ આવજાવ કરતા એટલે તેમની સેવામાં હું સતત પ્રવૃત્તમય રહેતી. જેના કારણે હું આપણું ગોત્ર ક્યું છે ? પૂછી જ ન‘‘શકી અને તું કોઈપણ ગુરૂ પાસે વિદ્યા મેળવવા જઈશ ત્યાં સૌ પ્રથમ તને તારું ગોત્ર પૂછવામાં આવશે તો તું જ્યાં જાય ત્યાં‘‘સાચું જ કહી દે જે કે, હું મારી માં જબાલાનો પુત્ર છું અને મને મારા ગોત્રની ખબર નથી.’’ ત્યારબાદ માતા જબાલાએ‘‘પુત્રને પહેરવાના કપડા, ભાથું, કોપીન અને દંડ આપ્યા અને પુત્ર માતાને પગે લાગ્યો એટલે માતાએ તેને આશીર્વાદ પણ‘‘આપ્યા ત્યારે તેની આંખો હર્ષના આંસુથી ભીની થઈ ગઈ.‘‘સત્યકામ પોતાના ઘેરથી રવાના થયો. નાની ઉંમર, માથે શિખા, કપાળે ભસ્મનું ત્રિપુંડ, હાથમાં દંડ વડે વામનજી‘‘ભગવાન જેવો શોભતો સત્યકામ ગૌતમ ઋષિના આશ્રમે પહોંચ્યો. આશ્રમની અંદર જઈ તેણે ગૌતમ ઋષિને જોયા અને‘‘તેમની પાસે જઈ અને તેમને દંડવત પ્રણામ કર્યા. એટલે તેજસ્વી એવા સત્યકામને જોઈ અને ગૌતમ ઋષિએ પૂછ્યું‘‘‘‘બેટા, તું કોણ છો ? અને મારી પાસે કઈ અપેક્ષાએ આવ્યો છો ?’’‘‘‘‘હું, આપશ્રી પાસે જ્ઞાન મેળવવા આવ્યો છું આપ મને શિષ્ય તરીકે સ્વીકારો તો હું તમારું ઋણ ક્યારે નહીં‘‘ભૂલું’’ સત્યકામે ગૌતમ ઋષિને કહ્યું.‘‘‘‘હું તને જ્ઞાન તો આપુ અને તને મારો શિષ્ય પણ બનાવું પરંતુ બેટા તારું ગોત્ર ક્યું છે ? એ તું મને જણાવીશ’’‘‘ગૌતમ ઋષિએ પ્રશ્ન કર્યો.‘‘ઋષિનો પ્રશ્ન સાંભળી અને બાળક સત્યકામે જવાબ આપ્યો, ‘‘ક્ષમા કરજો, પરંતુ સાચું કહું તો મને મારા‘‘ગોત્રની ખબર નથી. વળી એ વિષે મેં મારી માતા જબાલાને પૂછા કરેલી તો તેણે જવાબ આપેલો કે, હું જેમ પરણીને આવી‘‘તેમ તારા પિતા પાસે આવતા મહેમાનોની સેવામાં જ વ્યસ્ત રહેતી અને એવા સંજોગો વિષે હું તારા પિતાને આપણા ગોત્ર‘‘વિષે કશું પૂછી ન શકી અને એ દરમ્યાન તારા પિતાજી અચાનક જ અવસાન પામી ગયા. અને તારે જ્યાં વિદ્યા પ્રાપ્ત કરવી‘‘હોય ત્યાં ગોત્ર અંગે પૂછવામાં આવે ત્યારે તું કહે જે કે, હું જબાલાનો પુત્ર છું અને મારું નામ સત્યકામ છે. તું સાચે સાચું‘‘બોલી દે જે, વિદ્યા પ્રાપ્તિ માટે ખોટું ન બોલજે.’’‘‘ગૌતમ ઋષિ તેજસ્વી એવા એ નાનકડા બાળકને જોઈ ખૂબ જ આનંદ પામ્યા અને પછી કહ્યું, ‘‘તું સાચુ જ બોલે‘‘છે, તું નક્કી બ્રાહ્મણનો પુત્ર છો. માટે સૌ પ્રથમ તો તને જનોઈ આપીશ.’’ એમ કહી અને સૌ પ્રથમ તેને જનોઈ આપી,‘‘પછી બરોબર વેદનો અભ્યાસ કરાવ્યો. પરંતુ માત્ર વેદાભ્યાસથી જ્ઞાનની તો પ્રાપ્તિ થતી નથી. પરંતુ તે માટે જ્ઞાનનો‘‘અનુભવ કે સાક્ષાત્કાર થવો જોઈએ. એમ વિચારી અને ગુરૂ એવા ગૌતમ ઋષિએ પોતાની ગૌશાળામાંથી સાવ નબળી‘‘એવી પાંચકસો ગાયો કાઢી આપી અને એ ગાયો સત્યકામને સોંપી અને તેને ગુરૂ તરીકે આજ્ઞા આપી કે, ‘‘બેટા, તું મારી‘‘આ ગાયોને લઈને વનમાં જા, ત્યાં તેને તું ચરાવ જે અને એ ગાયોની સંખ્યા અત્યારે છે તેનાથી બમણી થઈ જાય ત્યારે‘‘તું તે ગાયોને લઈ અને પાછો આવ ત્યાં સુધી તું એ ગાયોની સતત સેવા કરતો રહેજે.’’‘‘ગુરૂજીની આજ્ઞા સાંભળી અને સત્યકામ બોલી ઉઠ્યો કે, ‘‘હે ગુરૂજી, હું તમારી આજ્ઞા મુજબ જ કરીશ. જ્યાં‘‘સુધી આ ગાયોની સંખ્યા બમણી નહીં થાય ત્યાં સુધી હું કોઈ પણ હિસાબે પાછો નહીં જ આવું.’’ આ પ્રમાણે વચનો કહી‘‘અને સત્યકામ એ નબળી ગાયોને લઈ વનમાં ગયો. વનમાં તેણે ગાયો માટે એક સરસ વૃક્ષના છાંયડા વાળી જગ્યા શોધી‘‘અને ત્યાંજ એક નાનકડું ઝુંપડું બનાવ્યું. તેણે માતા જબાલા પાસેથી શ્રી કૃષ્ણએ કરેલી ગાયોની સેવાની કથા અનેક વાર સાંભળી હતી તેથી સારા હૃદયથી તે ગાયોની સેવા કરતો હતો. તે દરેક રીતે ગાયોની રક્ષા કરતો. તેને ચરાવવા જતો. તેને‘‘પાણી પીવડાવવા જતો. જાણે તેના જીવનનું એકમાત્ર કાર્ય ગાયોની સેવા જ કરવાનું હોય તેમ તેણે ગાયોની સેવા કરવા‘‘માંડલ જી.‘‘સમય જતાં એક દિવસ એવો આવ્યો કે, તે નબળી ગાયો સશક્ત બની ગઈ અને તેમની સંખ્યા પણ બમણી થઈ‘‘ગઈ. એટલે તે ગાયોના ધણમાં એક નંદી હતો. તે સત્યકામની પાસે જઈને બોલ્યો, બેટા સત્યકામ ! તે નંદીને દૈવી શક્તિ‘‘વડે બોલતો જોઈ અને સત્યકામ બોલી ઉઠ્યો, આજ્ઞા આપો ભગવાન !‘‘‘‘વત્સ, સત્યકામ અમારી સંખ્યા બમણી થઈ ગઈ છે. હું તમારી ભક્તિથી ખૂબ જ પ્રસન્ન થયો છું. માટે જ હવે હું‘‘તને બ્રહ્માના એક પાદનો ઉપદેશ આપું છું.’’ નંદીએ કહ્યું.‘‘‘‘જરૂર કહો, પ્રભુ! સત્યકામએ નમ્રતાપૂર્વક કહ્યું.‘‘નંદીએ સત્યકામને ઉપદેશ આપતા કહ્યું, ‘‘બ્રહ્મ તો પ્રકાશવાન છે. તારે એને સમજવા એ પ્રકાશવાનને જોવો‘‘પડશે તેથી હું તને એ પ્રકાશ બતાવું છું. એમ કહી ઉત્તર-દક્ષિણ અને પૂર્વ-પશ્ચિમ એ દિશાઓમાં બ્રહ્મના દર્શન કરાવ્યા‘‘અને કહ્યું, ‘‘હવે તને રસ્તામાં દરરોજ એક એક વિભૂતિ એક એક પાદના દર્શન કરાવશે. તને જે દર્શન થાય તે દર્શનનું તો‘‘સતત ચિંતન કરતો રહેજે તેથી તું બ્રહ્મને પામીશ. ચાલ હવે અમને બધેને તારા ગુરૂજીના આશ્રમે લઈ જા.’’‘‘આ પ્રમાણે આજ્ઞા કરતા અનુભવાનંદ મેળવતા બ્રહ્મના ત્રીજે દિવસે હંસ સ્વરૂપે, સૂર્યદેવે બ્રહ્મના જ્યોતિ સ્વરૂપે‘‘અને ચોથે દિવસે જડકુકડી સ્વરૂપે શરીરમાં બ્રહ્મના દર્શન કરાવ્યા.‘‘આ બધા દર્શન થતાં સત્યકામને સર્વવ્યાપક બ્રહ્મ એવા ઈશ્વરનો અનુભવ થયો. આમ, ગાયોની સેવા કરતાં‘‘કરતાં સત્યકામને ઈશ્વરની અનુભૂતિ થઈ તેથી તે બ્રહ્મમય બની ગયો.‘‘પાંચમે દિવસે તે ગુરૂ ઋષિ ગૌતમ સમક્ષ ઉપસ્થિત થયો અને તેમને સાક્ષાત દંડવત પ્રણામ કર્યા. ગુરૂએ આશીર્વાદ‘‘આપ્યા અને સત્યકામને જોઈ તે સમજી ગયા કે, આને તો બ્રહ્મ જ્ઞાન થઈ ગયું છે તેથી તેમણે સત્યકામને કહ્યું, ‘‘બેટા, તું તો‘‘બ્રહ્મવેત્તા બની ગયો હોય તેવું લાગે છે. તને આ ઉપદેશ કોણે આપ્યો ?’’‘‘ત્યારે સત્યકામે નમ્રતાપૂર્વક જવાબ આપ્યો, ‘‘આપશ્રીએ જ મારી ગૌ સેવાથી પ્રસન્ન થઈ અને જુદા જુદા દેવો‘‘દ્વારા મને બ્રહ્મનું અનુભવથી જ્ઞાન કરાવ્યું. પરંતુ જ્ઞાનીજનો કહે છે, ગુરૂવિનાનું જ્ઞાન અધુરું છે માટે હવે તમે મને ફરીથી‘‘તમે ગુરૂ તરીકે જ્ઞાન આપો.’’ આમ, સત્યકામની નમ્રતા જોઈ અને ફરીથી ગુરૂએવા ગૌતમ ઋષિએ તેને બ્રહ્મજ્ઞાન આપ્યું.‘‘આમ, ગૌસેવાના ઉત્તમ ફળ રુપે સત્યકામને બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થયું.

‘‘આજનું ભજન
‘‘વ્હાલા શ્યામ મુરારિ રે, આંગણે આવો,
‘‘દર્શનનો છું ભિખારી રે, આંગણે આવો.
‘‘દેહ નગરીની મધ્યે મનડાની મારી શેરી,
‘‘એ શેરી છે અનેરી રે, આંગણે આવો.
‘‘શનડાની શેરી મધ્યે મંદિર મારું આવ્યું,
‘‘મેં બહુ બહુ તો શણગાર્યું રે, આંગણે આવો.
‘‘આ ગરીબની ઝુંપડી વ્હાલા પાવન કરજો,
‘‘પાવલિયાં ત્યાં ધરજો રે, આંગણે આવો.
‘‘પુનિત તારે ચરણે પુનિત મંદિર થાશે,
‘‘ન્યાલ પુનિત થઈ જશે રે, આંગણે આવો.

શ્રીમતિ રમણતારા કે. વ્યાસ

# છેલ્લા ત્રણ વર્ષમાં ૧૩.૧૩ લાખથી વધુ મહિલાઓ, છોકરીઓ ગુમ છતાં આંકડાઓ છૂપાવી રહેલી રાજ્ય અને કેન્દ્રની ભાજપ સરકાર

## ગુજરાતમાં દરરોજ ૧૮ વર્ષથી ઓછી વયની ચાર દીકરીઓ ગુમ થાય છે, પાંચ ઉપર બળાત્કાર ગુજારવામાં આવે છે, વિધાનસભા અને સંસદમાં રજૂ કરાયેલા આંકડાઓ વચ્ચે ભારે વિસંગતતા

અમદાવાદ, તા.૫

મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા મહિલા સશક્તિકરણ સપ્તાહ ઉજવવા જઈ રહ્યું છે ત્યારે રાજ્યમાં મહિલાઓની સ્થિતી અંગે માહિતી આપતા ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ પ્રમુખ જેનીબેન ઠુંમર, પ્રદેશ પ્રવકતા હિરેન બેંકર, પાર્થીવરાજસિંહ કઠવાડીયાએ સંયુક્ત પત્રકાર પરિષદને દ્વારા મહિલા સુરક્ષાની વાસ્તવિક સ્થિતી રજુ કરી હતી. ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ પ્રમુખ જેનીબેન ઠુંમરે જણાવ્યું હતું કે, 'બેટી બચાવો બેટી પઢાવો', સશક્તિકરણ, મહિલા સુરક્ષાની પોકળ રાજયનું તંત્ર પરિસ્થિતિને નિયંત્રણમાં લેવામાં સંપૂર્ણપણે નિષ્ફળ છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે જાહેર કરેલ આંકડાઓ અનુસાર છેલ્લા ૩ વર્ષમાં ૧૩.૧૩ લાખથી વધુ મહિલાઓ-છોકરીઓ ગુમ, ડબલ એન્જીનમાં ટ્રબલ આવી રહી છે. દીકરીઓ ગુમ થાય એ સૌથી વધુ ચિંતાનો વિષય છે. દિકરી ગુમ થયાના માત્ર વિચારથી જ કંપારી છુટી જાય, પ્રવાસમાં જાય તો પણ મા-બાપને ચિંતા થતી હોય ત્યારે મોટી સંખ્યામાં દિકરીઓ ગુમ થાય ત્યારે તેવા પરિવારોની શું હાલત થતી હશે? ગુજરાત રાજ્યમાં ૧૮ વર્ષથી ઉપરની ૪૧,૭૯૮ મહિલાઓ છેલ્લા પાંચ વર્ષમાં ગુમ થઈ છે. આવનારા દિવસોમાં ગુજરાતમાં ગુમ થતી મહિલાઓ અને મહિલા ઉપર થતા દુષ્કર્મના વિરોધમાં મહિલા કોંગ્રેસ ગુજરાત રાજયમાં ઉગ્રવિરોધ પ્રદર્શન કરશે. મહિલા અને છોકરીઓ ગુમ થયાના આંકડાઓમાં વિસંગતતા અને આંકડાઓ છુપાવવાની ભાજપ સરકારની નીતિ ઉપર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા હિરેન બેંક્રએ જણાવ્યું હતું કે કોરોના વેકસીનનાં આંકડા, કોરોના મોતના આંકડા સહિતના મહિલા ગુમ થયાના આંકડાઓનાં વાસ્તવિક સ્થિતિ ભાજપ સરકાર છુપાવી રહી છે. વર્ષ ૨૦૧૬- ૨૦૨૦માં ગુજરાતમાં ૪૧૬૨૧ મહિલાઓ ગુમ થયાની વિગત સમાચાર માધ્યમોમાં પ્રકાશિત થયા હતા જે બાદ ગુજરાત પોલીસના ઓફિશિયલ ટ્વીટર પર ૯૪.૯૦ ટકા મહિલાઓ પરત આવી અને માત્ર ૨૧૨૪ જેટલી મહિલાઓ જ ગુમ થઇ છે તેમ રજૂ કરવામાં આવ્યું હતું. પરંતુ ગૃહ મંત્રાલય દ્વારા સંસદમાં આપવામાં આવેલ માહિતી અનુસાર વર્ષ ૨૦૨૦માં ૪૯૮૪ જેટલી મહિલાઓની હજુ સુધી કોઈ ભાળ-માહિતી મળી નથી. ભાજપ સરકાર આંકડા કેમ છુપાવી રહી છે ? સંસદમાં આપેલ મહિલા ગુમના આંકડાઓએ ભાજપ સરકારનાં જુઠ્ઠાણાની પોલ ખોલી નાખી છે. ગુજરાત કોંગ્રેસના પ્રવકતા પાર્થિવરાજસિંહ કઠવાડિયાએ જણાવ્યું હતું કે સરકારના બેટી બચાવોના દાવા પોકળ છે તે સરકારના આંકડાથી સાબિત થાય છે. ગુજરાતમાં ૧૮ વર્ષથી ઓછી વયની ચાર છોકરીઓ ગુમ થાય છે અને પ્રતિ દિન ૫ બળાત્કાર થાય છે. લોકસભાના જવાબ મુજબ ગુજરાતમાં ૫ વર્ષ માં ૭૪૩૦ અઢાર વર્ષથી નીચેની બાળકીઓ ગુમ. વર્ષ ૨૦૨૧માં ૧૪૭૪, વર્ષ ૨૦૨૦ માં ૧૩૪૫, વર્ષ ૨૦૧૯માં ૧૪૦૩, વર્ષ ૨૦૧૮ માં ૧૬૮૦ અને વર્ષ ૨૦૧૭માં ૧૫૨૮ અઢાર વર્ષથી નીચેની બાળકીઓ ગુમ. ગુજરાત વિધાનસભામાં ૧૦/૩/૨૦૨૨ના આંકડા મુજબ ગુજરાતમાં બે વર્ષમાં ૩૭૯૬ બળાત્કાર થયા તેમ દર્શાવવા આવ્યું હતું, અને લોકસભા મુજબ પાંચ વર્ષ માં ૨૬૩૩ બળાત્કારનો આંક આપવામાં આવ્યો છે. વિધાનસભા મુજબ અમદાવાદ શહેરમાં બે વર્ષમાં ૭૨૯ દુષ્કર્મની ઘટના અને ૧૬ જેટલા સામુહિક દુષ્કર્મની ઘટના, સુરત શહેરમાં ૫૦૮ દુષ્કર્મ અને ૫ સામુહિક બળાત્કારના કિસ્સા, વડોદરામાં ૧૮૩ દુષ્કમ અને ૪ સામુહિક દુષ્કર્મની ઘટના, રાજકોટમાં ૧૪૫ દુષ્કર્મ અને ૭ સલામુહિક બળાત્કારના કિસ્સા, લોકસભામાં ઓછા આંકડા દર્શાવી ગુજરાત માં બનતી દુષ્કર્મની ઘટનાઓનો આંક છુપાવવામાં આવી રહ્યો છે. લોકતંત્રના મંદિરમાં જુઠ્ઠું બોલતા ભાજપના મંત્રીઆલોકતંત્રને શરમાવે છે. ગુજરાત રાજયમાં મહિલા સુરક્ષાનો પ્રશ્ન ચિંતાજનક છે. મળતી માહિતી મુજબ ગુજરાતમાં વર્ષ ૨૦૨૧માં ૧૪૭૪, ૨૦૨૦માં ૧૩૪૫, ૨૦૧૯માં ૧૪૦૩, ૨૦૧૮માં ૧૬૮૦, ૨૦૧૭માં ૧૫૨૮ એમ કુલ ૭૪૩૦ બાળકીઓ ગુમ થઈ છે. જયારે વિધાનસભામાં છેલ્લા બે વર્ષના દુષ્કર્મના આંકડા ૩૭૯૬ દર્શાવાયા છે તો બીજી તરફ લોકસભામાં પાંચ વર્ષના દુષ્કર્મના આંકડા ૨૬૩૩ આપવામાં આવ્યા છે. આમાંથી સાચુ કોણ? તેવો પ્રશ્ન ઉભો થાય છે.




### જાહેર ટ્રસ્ટોએ ઓનલાઈન ઈ-ઓક્શન પોર્ટલ એપ્લિકેશન ઉપર કાર્યવાહી કરવાની રહેશે

## રાજ્યના જાહેર ટ્રસ્ટોની મિલકત વેચાણ કે તબદીલ કરવાની કાર્યવાહી હવે ઓનલાઈન

### હમણાં સુધીની પેન્ડિંગ અરજીઓની કાર્યવાહી પણ ઓનલાઈન કરવા અપાઈ સૂચના

ગાંધીનગર, તા.૫

ગુજરાત સરકાર પારદર્શક વહીવટ તથા ડિજિટલાઈઝેશનને લઈ એક પછી એક પ્રક્રિયા કે કામગીરી ઓનલાઈન કરવા માટે નિર્ણયો લઈ રહી છે. સરકારી કચેરીઓની વિવિધ ઓક્શન કે ટેન્ડરિંગ વગેરેની કામગીરી ઓનલાઈન ચાલી રહી છે. ત્યારે હવે રાજ્યના જાહેર ટ્રસ્ટોની સ્થાવર મિલકતોના વેચાણ કે તબદીલીની કાર્યવાહી પણ ઓનલાઈન કરવાનો સરકાર દ્વારા નિર્ણય લેવાયો છે. રાજયમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ વધુ પારદર્શક વહીવટ માટે ટેકનોલોજીની મદદથી ડીજીટાઈઝેશન ઉપર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે ત્યારે ટ્રસ્ટની સ્થાવર મિલકત તબદિલ કરવા અંગેની કાર્યવાહી જે મેન્યુઅલ કરવામાં આવતી હતી તેને હવે ફરજિયાત ઓનલાઈન ઈઓક્શન પોર્ટલ એપ્લિકેશન મારફતે હાથ ધરવા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે. પ્રવક્તા મંત્રીએ વધુમાં ઉમેર્યું કે, ગુજરાત પબ્લિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ નોંધાયેલા ટ્રસ્ટોના વહીવટના નિયમન કરવા અંગેની કામગીરી ચેરિટી તંત્ર કરે છે. અત્યાર સુધી ગુજરાત પબ્લિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ની કલમ-૩૬ હેઠળ ટ્રસ્ટની સ્થાવર મિલકત તબદિલ કરવા અંગેની કાર્યવાહી મેન્યુઅલ કરવામાં આવતી હતી. આ કાર્યવાહીને લીધે તંદુરસ્ત સ્પર્ધાને અભાવે સિન્ડિકેટ થવાની, ઈજારાશાહી વધવાની તથા સ્પર્ધાત્મક ભાવ ન મળવાની શકયતાઓ રહેતી હતી. જેથી આ કાર્યવાહી વધુ પારદર્શક પધ્ધતિથી અને પ્રવર્તમાન સમયમાં ટેકનોલોજીનો ઉપયોગ કરીને મિલકતનું યોગ્ય મૂલ્યાંકન થાય તે માટે કલમ-૩૬ હેઠળની કાર્યવાહી કે જે હાલ મેન્યુઅલી કરવામાં આવતી હતી તેના બદલે આ કાર્યવાહી ઈ-ઓક્શન પોર્ટલ એપ્લિકેશન મારફતે ફરજીયાત હાથ ધરવા નિર્ણય કરવામાં આવ્યો છે. મંત્રીએ કહ્યું કે, આ અંગે કાયદા વિભાગ દ્વારા ઠરાવ કરી ઈઓક્શન પોર્ટલ એપ્લિકેશન મારફતે કાર્યવાહી હાથ ધરવા ઠરાવવામાં આવ્યું છે. એટલું જ નહિ, આ ઠરાવ અગાઉ કલમ-૩૬ હેઠળની આપેલી જાહેરાત કે જે અન્વયેની પ્રક્રિયા પૂર્ણ થયેલી નથી તેવી જુદી-જુદી કચેરીઓમાં કુલ- ૨૫૭ અરજીઓ પેન્ડીંગ સ્થગિત કરી નવેસરથી ઈ-ઓક્શન પોર્ટલ એપ્લિકેશન મારફતે જ કાર્યવાહી હાથ ધરવા ચેરીટી કમિશનરને સૂચના આપવામાં આવી છે.

## લ્યો... જન ધન યોજના હેઠળના ૧૦.૩૬ કરોડ બેંક ખાતાઓમાં ગયા વર્ષે એક પણ વ્યવહાર જ થયો નથી




નવી દિલ્હી, તા.૫

કેન્દ્ર સરકારે જાહેર કર્યું છે કે, પ્રધાનમંત્રી જન ધન (PMJDY) યોજના હેઠળના ૧૦.૩૬ કરોડ બેંક ખાતાઓમાં પાછલા નાણાકીય વર્ષમાં એક પણ વ્યવહાર થયો નથી. સીપીઆઈ સાંસદ બિનોય વિશ્વમ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના જવાબમાં, રાજય-નાણા મંત્રી ભગવત કરાડએ જણાવ્યું હતું કે, જાહેર ક્ષેત્રની બેંકોએ અહેવાલ આપ્યો છે કે, ૩૧ માર્ચ ૨૦૨૨ સુધી PMJDY ખાતાની કુલ સંખ્યા ખોલવામાં આવી હતી પરંતુ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ૧૦.૩૬ કરોડમાંથી એક પણ ગ્રાહક પ્રેરિત ટ્રાન્ઝેકશન નથી અને નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં PMJDY ખાતાઓમાં છેતરપિંડી સામે ૭૯૬ કેસ દાખલ કરવામાં આવ્યા છે. આ આશ્ચર્યજનક સંખ્યા કુલ જનધન ખાતાના ૨૦ ટકાથી વધુ છે. ૩૧ જુલાઈ ૨૦૨૩ના રોજ, સરકારે એક નિવેદન બહાર પાડ્યું હતું જેમાં વિગત આપવામાં આવી હતી કે, યોજનાની શરૂઆતથી ૧૨ જુલાઈ ૨૦૨૩ સુધીમાં રૂ.૨,૦૦,૯૫૮ કરોડની થાપણોવાળા ૪૯.૪૯ કરોડ ખાતા હતા. માર્ચ ૨૦૨૩માં, સરકારે જણાવ્યું હતું કે ૧૫ જાન્યુઆરી સુધીમાં, PMJDY ખાતાઓની કુલ સંખ્યા ૩૭.૮૭ કરોડ ખોલવામાં આવી હતી, જેમાંથી ૩૦.૭૮ કરોડ અથવા ૮૧.૩ ટકા ઓપરેટિવ હતા. સીમાંત અને સામાજિકઆર્થિક રીતે ઉપેક્ષિત વર્ગોને નાણાકીય સર્વ સમાવેશ કતા અને ટેકો આપવાના ઉદ્દેશ્ય સાથે ઓગસ્ટ ૨૦૧૪માં આ યોજનાની જાહેરાત કરવામાં આવી હતી. તેનો ઉદ્દેશ્ય દરેક બેંક વગરના પરિવાર માટે ઝીરો બેલેન્સ બેંક એકાઉન્ટ ખોલીને સાર્વત્રિક બેંકિંગ સેવાઓ પ્રદાન કરવાનો હતો. જનધન ખાતાઓને માત્ર એક આધાર કાર્ડ અથવા સરકારી અધિકારી દ્વારા સહી કરેલ MGNREGA (મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ) જોબ કાર્ડ અથવા અરજદારના પ્રમાણિત ફોટા સાથે ગેઝેટેડ અધિકારી દ્વારા જારી કરાયેલ પત્ર સાથે ખોલવાની મંજૂરી આપવામાં આવી હતી. વધુમાં, RTI કાયદા હેઠળના પ્રશ્નોના જવાબો ઉપરથી જાણવા મળ્યું હતું કે મની લોન્ડરિંગ માટે ઘણા જન ધન ખાતાઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. મનીલાઈફના એક રિપોર્ટ અનુસાર, યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયાને એક જ જનધન ખાતામાં ૯૩.૮૨ કરોડ રૂપિયા જમા થયા હતા. બેંક ઓફ ઈન્ડિયામાં સૌથી મોટી સિંગલ ડિપોઝીટ રૂ.૩.૦૫ કરોડ હતી; યુનિયન બેંક ઓફ ઈન્ડિયાએ રૂ.૧.૨૧ કરોડ સ્વીકાર્યા; બેંક ઓફ મહારાષ્ટ્રે રૂ. ૯૮.૪૫ લાખ અને દેના બેંકે રૂ.૯૪.૪૫ લાખ એક ખાતામાં સૌથી વધુ જમા તરીકે સ્વીકાર્યા હતા.

## રાજ્યમાં "અખિયાં મિલાકે" રોગના બે લાખથી પણ વધુ કેસ નોંધાયા : પ્રસરતો જતો રોગચાળો

### આંખના ટોટા (આઈકેપ્સ) ડોકટરની સલાહ વગર ન વાપરવા સલાહ



ગાંધીનગર, તા.૫

રાજયમાં છેલ્લા ઘણાં સમયથી અખિયા મિલાકે (કન્જક્ટિવાઈટિસ)ના કેસમાં વધારો જોવા મળ્યો છે. ત્યારે રાજયના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે એક ચોંકાવનારૂં નિવેદન આપ્યું છે. જેમાં તેમણે કહ્યુ છે કે, ગુજરાતમાં ૨ લાખથી વધુ લોકો કન્જક્ટિવાઈટિસથી અસરગ્રસ્ત થયા છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે કહ્યુ છે કે, '૨.૧૭ લાખ કેસ કન્જક્ટિવાઈટિસના નોંધાયા છે. દવાઓનો જથ્થો પૂરતો રાજય સરકાર પાસે છે. અન્ય ૨૬ લાખ જેટલી દવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ ઉપરાંત હાલ સરકાર પાસે ૪ લાખ જેટલી દવાઓનો સ્ટોક ઉપલબ્ધ છે. જો કે ગુજરાતીઓ માટે રાહતના સમાચાર એ છે કે, હવે કન્જક્ટિવાઈટિસના કેસમાં ઉત્તરોત્તર ઘટાડો થઈ રહ્યો છે. રાજયમાં સૌથી વધુ અમદાવાદમાં આંખના રોગચાળાના દર્દીઓ જોવા મળી રહ્યા છે તે સિવાય સુરત, વડોદરા, ભાવનગર, રાજકોટ જેવા શહેરો નગરોમાં પણ દર્દીઓ વધુ નોંધાયા છે. સરકારના આરોગ્ય વિભાગ દ્વારા વિવિધ પગલાઓ લેવામાં આવી રહ્યા છે. અગ્રણી ફિઝિસિયન જણાવે છે કે, 'જે આંખના ટોટા કરિયાણાની દુકાનમાં વેચાતાં હોય છે. તેનાથી લોકો અજાણ હોય છે. પરંતુ આવા આંખના ટોટા ડોકટર્સની સલાહ વગર ન વાપરવા જોઈએ. જો તમને આંખમાં દુઃખાવો થાય છે કે આંખ લાલ થાય છે અને જો તમારે પ્રાઈવેટ ડોકટર્સ પાસે જવાની સ્થિતિ નથી તો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત અર્બન હેલ્થ સેન્ટરમાં આઇ ડ્રોપ્સ આપવામાં આવે છે તે લેવા જોઈએ. ત્યાં તમામ પૂરતી વ્યવસ્થા છે. બજારમાં વેચાતી આઇ કેપ્સ નાખવાથી ઘણા કોમ્પ્લિકેશન થાય છે. તેઓ વધુમાં જણાવે છે કે, 'આવી આઈકેપ્સ અજાણતા કોઈપણ પ્રકારના માર્ગદર્શન વગર ન નાંખવી જોઈએ. તે ક્યારેક જોખમી સાબિત થઈ શકે છે. આવી આઈકેપ્સ વાપરવા કરતાં તમારા ડોક્ટર્સ જે આઈડ્રોપ્સ સજેસ્ટ કરે તેનો ઉપયોગ કરવો જોઈએ. આવી આઈકેપ્સ સામાન્ય રીતે જૂના સમયમાં વપરાતી હતી. આવી આઈ કેપ્સ કરિયાણાની દુકાનમાં પણ મળી જતી હોઈ તે એટલી હાઈજેનિક હોતી નથી. આ પ્રકારે આઈકેપ્સ વાપરીને સિવિયર કન્ડિશન સાથે આવનારા દર્દીઓ પણ વધી રહ્યા છે.

## ચીનની રાજધાની બેઈજિંગમાં ભારે વરસાદ, ૧૪૦ વર્ષનો રેકોર્ડ તૂટ્યો

બેજિંગ તા.૫

ચીનમાં ભારે વરસાદને કારણે ૧૪૦ વર્ષનો રેકોર્ડ તૂટી ગયો છે. છેલ્લા કેટલાક દિવસોમાં ભારે વરસાદને કારણે આ નવો રેકોર્ડ બન્યો છે. ભારે વરસાદના કારણે જનજીવન અસ્તવ્યસ્ત બની ગયું છે. રોડ ઉપરની ગાડીઓ વરસાદના પાણીમાં રમકડાંની જેમ વહી રહી છે. એક અંદાજ મુજબ ચીનમાં ભારે વરસાદને કારણે લગભગ ૧૦ લાખ લોકોએ પોતાનો જીવ બચાવવા માટે રાહત શિબિરોનો સહારો લીધો છે. બેજિંગ હવામાન સેવા અનુસાર, ચાંગપિંગમાં વાંગજીયુઆને ડોક્સુરી ચક્રવાત દરમ્યાન સૌથી વધુ ૭૪૪.૮ મીમી વરસાદ નોંધાયો જેના કારણે અહીં ૧૪૦ વર્ષમાં સૌથી ભારે વરસાદ થયો છે. ઉત્તર તરફ આગળ વધતા પહેલા ફિલિપાઈન્સ સાથે ટકરાયા બાદ ગયા અઠવાડિયે ટાયફૂન ડોકસુરી ચીનના દક્ષિણી ફુજિયાન પ્રાંતમાં પહોંચ્યુ હતું. વાવાઝોડાની અસરને કારણે શનિવારે રાજધાની અને આસપાસના વિસ્તારોમાં ભારે વરસાદ શરૂ થયો હતો. બિજિંગમાં જુલાઈ મહિનાના સરેરાશ વરસાદ કરતાં માત્ર ૪૦ કલાક વધુ વરસાદ પડ્યો છે. બિજિંગમાં રેકોર્ડબ્રેક અનરાધાર વરસાદમાં ૧૧ લોકોના મોત થઈ ગયા છે. આ કુદરતી આફતમાં હજુ પણ ૧૩ લોકો ગુમ છે. અન્ય ૧૪ લોકોને સુરક્ષિત રીતે બચાવી લેવાયા છે. અહેવાલો પ્રમાણે રાજધાનીની બાજુમાં આવેલા હેબેઈ પ્રાંતમાંથી ૮,૦૦,૦૦૦ થી વધુ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. ભારે વરસાદને કારણે નવ લોકોના મોત થઈ ગયા છે અને છ લોકો ગુમ થયા છે. રાષ્ટ્રપતિ શી જિનપિંગે ભારે વરસાદમાં ફસાયેલા લોકોને બચાવવા માટે મહત્તમ પ્રયાસો કરવાનું આહવાન કર્યું હતું. બિજિંગ હવામાનશાસ્ત્ર બ્યુરોએ બુધવારે જણાવ્યું હતું કે શહેરમાં છેલ્લી વખત આટલા ગંભીર પૂર ૧૮૯૧માં આવ્યું હતું જયારે શહેરમાં ૬૦૯ મિલીમીટર (૨૪ ઈંચ) વરસાદ પડ્યો હતો.

## પટના હાઈકોર્ટે બિહારમાં જાતિ આધારિત સર્વેક્ષણને બહાલી આપી




પટના તા.૫

પટના હાઈકોર્ટે જાતિ આધારિત સર્વેક્ષણ કરવાના બિહાર સરકારના નિર્ણય વિરૂધ્ધ દાખલ કરાયેલી તમાધ્ અરજીઓ ફગાવી દેતા મુખ્યપ્રધાન નીતિશકુમારને

નોંધપાત્ર રાહત મળી હતી. ચીફ જસ્ટિસ કે.વી. ચંદ્રન અને ન્યાયમૂર્તિ પાર્થ સાર્થીની ડિવિઝન બેંચ એ જાતિ આધારિત સર્વેક્ષણને સમર્થન આપ્યું હતું અને રાજ્ય સરકારને સર્વેક્ષણ ચાલુ રાખવાની મંજૂરી આપી હતી. કોર્ટે તેના આદેશમાં કહ્યું કેઃ અમને લાગે છે કે રાજ્યની કાર્યવાહી સંપૂર્ણ રીતે માન્ય છે, યોગ્યતા સાથે શરૂ કરવામાં આવી છે, બંને ગૃહોના સંબોધનમાં અને વાસ્તવિક સર્વેક્ષણમાં જાહેર કરાયેલ 'ન્યાય સાથે વિકાસ' પ્રદાન કરવાના કાયદેસરના ઉદ્દેશ્ય છે. વિગતો જાહેર કરવા માટે કોઈ જબરદસ્તીનો ઉપયોગ કર્યો નથી અથવા વિચાર્યું નથી અને પ્રમાણસરતાની કસોટીમાં પાસ થયા છે, આમ વ્યક્તિના ગોપનીયતાના અધિકારોનું ઉલ્લંઘન કર્યું નથી. ૪ મેના રોજ હાઈકોર્ટે ચાલી રહેલા જાતિ આધારિત સર્વે ઉપર વચગાળાનો સ્ટે જારી કર્યો હતો. સ્ટે ઓર્ડર બાદ રાજ્ય સરકારે કેસની વહેલી સુનાવણીની માંગ કરતી અરજી દાખલ કરી હતી. જો કે, કોર્ટે ૯મી મેના રોજ રાજ્ય સરકાર દ્વારા દાખલ કરાયેલી અરજીને ફગાવી દીધી હતી. બાદમાં, રાજ્ય સરકારે સ્ટે ઉઠાવી લેવા માટે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો, પરંતુ સુપ્રીમ કોર્ટે ઈનકાર કર્યો હતો. ૩ જુલાઈથી ૭ જુલાઈ સુધી ચીફ જસ્ટિસ કે.વી. ચંદ્રનની બેન્ચ દ્વારા સતત સુનાવણી હાથ ધરવામાં આવી હતી અને ચુકાદો ૧ ઓગસ્ટ માટે અનામત રાખવામાં આવ્યો હતો. આ અગાઉ, મુખ્ય ન્યાયાધીશ ચંદ્રને રાજ્ય સરકારને આ સમયગાળા દરમ્યાન એકત્રિત કરવામાં આવેલા ડેટાને શેર અથવા ઉપયોગ ન કરવા નિર્દેશ આપ્યો હતો. સર્વેક્ષણના પ્રથમ તબક્કામાં હાઉસ લિસ્ટિંગની કવાયત સામેલ હતી, તે ૭ જાન્યુઆરીથી ૧૨ જાન્યુઆરી દરમ્યાન હાથ ધરવામાં આવી હતી. બિહાર સરકાર જાતિ આધારિત સર્વેક્ષણનો બીજો તબક્કો કરી રહી હતી, જે ૧૫ એપ્રિલથી શરૂ થયો હતો અને ૧૫ મે સુધીમાં તે પૂર્ણ કરવાનું હતું. ત્યારે વચગાળાના આદેશમાં કોર્ટે કહ્યું હતું કે કારોબારી પાસે જાતિ આધારિત સર્વેક્ષણ કરવાનો અધિકાર નથી. આ પહેલા કોર્ટે એમ પણ કહ્યું હતું કે જાતિ આધારિત સર્વે દ્વારા જનતાની ગોપનીયતાનો ભંગ થયો છે. અરજદારોના એડવોકેટ દિનુકુમારે કહ્યું કે તેઓ પટના હાઈકોર્ટના ચુકાદા સામે સુપ્રીમ કોર્ટમાં જશે. અમે ચુકાદાની નકલ જોઈ નથી, તેથી અમે આ મુદ્દા ઉપર વધુ બોલી શકતા નથી. અમે જાણવા માંગીએ છીએ કે કોર્ટે અરજી કેમ ફગાવી દીધી છે. અગાઉ, કોર્ટે આ સર્વેક્ષણ ઉપર સ્ટે મૂક્યો હતો, ભારપૂર્વક જણાવ્યું હતું કે રાજ્યને કોઈપણ જાતિ સર્વેક્ષણ કરવાનો અધિકાર નથી. રાષ્ટ્રીય જનતા દળ (RJD)ના નેતા અને બિહારના નાયબ મુખ્યમંત્રી તેજસ્વીપ્રસાદ યાદવે કોર્ટના ચુકાદાનું સ્વાગત કર્યું છે. યાદવે કહ્યું કેઃ અમારી સરકારના જાતિ-આધારિત સર્વેક્ષણમાંથી અધિકૃત, વિશ્વસનીય અને વૈજ્ઞાનિક ડેટા મેળવવામાં આવશે. અતિ પછાત, પછાત અને તમામ વર્ગના ગરીબોને આનો મહત્તમ લાભ મળશે. જાતિની વસ્તી ગણતરી આર્થિક ન્યાયની દિશામાં એક મોટું ક્રાંતિકારી પગલું હશે. અમારી માંગ છે કે કેન્દ્ર સરકાર જાતિની વસ્તી ગણતરી કરાવે. જનતા દળ (યુનાઈટેડ)ના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજીવ રંજન સિંહ ઉર્ફે લલન સિંહે પણ કહ્યું કે, માનનીય હાઈકોર્ટે જાતિ ગણતરી સામેની અરજી ફગાવી દીધી છે. તે આવકાર્ય છે. ભારતીય જનતા પાર્ટી (BJP) દ્વારા જાતિ ગણતરી રોકવાનું ષડયંત્ર નિષ્ફળ ગયું અને જાતિ ગણતરીનો માર્ગ મોકળો થયો છે. જાતિની ગણતરી રાજ્યના હિતમાં છે અને તે સમગ્ર દેશમાં થવી જોઈએ. બિહાર વિધાનસભામાં વિપક્ષના નેતા, ભાજપના વિજયકુમાર સિન્હાએ કહ્યું કે શાસક આરજેડી અને જેડી(યુ)નું વલણ પરિવર્તનશીલ છે. બિહાર સરકાર પટના હાઈકોર્ટના આદેશનું સ્વાગત કરી રહી છે પરંતુ જ્યારે સીબીઆઈ (સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન), ઈડી (એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ) અને ઈન્કમ ટેક્સ વિભાગ પગલાં લે છે, ત્યારે તેના ઉપર સવાલો ઉભા થાય છે. આ લોકોને બંધારણીય સંસ્થાઓમાં વિશ્વાસ નથી. આ એ લોકો છે જે રાજાશાહી અને વંશવાદમાં વિશ્વાસ રાખે છે. તેઓ ભ્રષ્ટાચાર કરે છે. બિહારમાં અપરાધ વધુ છે અને સરકાર જાતિની વસ્તી ગણતરીમાં વ્યસ્ત છે. આની શું જરૂર છે ? રાજ્યના રાજકીય નિરીક્ષકોનો અંદાજ છે કે આવતા વર્ષે યોજાનારી લોકસભાની ચૂંટણીમાં જાતિ આધારિત સર્વે એક મુખ્ય રાજકીય મુદ્દો બની રહેશે કારણ કે તે રાજ્યોમાં શાસક પક્ષો માટે સૌથી મજબૂત રાજકીય સાધન હશે. જ્યાં ભાજપ વિપક્ષમાં છે ત્યાં તેણે આ મુદ્દા ઉપર આક્રમક વલણ અપનાવવામાં મુશ્કેલી પડશે.

# વિશ્વ આરોગ્ય સંસ્થાએ કેડીલા ફાર્માસ્યુટિકલ્સની પોલીકેપ કોમ્બીનેશનને આવશ્યક દવાઓની યાદીમાં સમાવેશ કર્યો



અમદાવાદ, તા.૫

કેડિલા ફાર્માસ્યુટિકલ્સ, દેશની સૌથી જૂની અને સૌથી મોટી ખાનગી ફાર્માસ્યુટિકલ કંપનીઓમાંની એક, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)દ્વારા આવશ્યક દવાઓની સૂચિ ૨૦૨૩જમાં કાર્ડિયોવેસ્ક્યુલર રોગોના પ્રાથમિક અને ગૌણ નિવારણ માટે "પોલીપીલ્સ" ના સમાવેશને આવકર્યુ છે.

કેડીલા પોલીપીલ ફોર્મ્યુલેશન (પોલીકેપ)ને ડીજીસીઆઈએ કોરોનરી હાર્ટ ડીસીઝ/ સ્ટ્રોકના દર્દીઓમાં મલ્ટીપલ રિસ્ક ફેકટર અટકાવવા માટે વર્ષ ૨૦૦૯માં મંજૂરી આપી હતી. આ દવાનો આવશ્યક દવાઓની યાદીમાં સમાવેશ કરવામાંઆવ્યો છે. આ નવી જાહેરાત એ કેડીલા ફાર્માસ્યુટિકલ માટે મહત્વનું સિમાચિહ્ન અને મોટી સિધ્ધિ છે. આ નિર્ણય પોલીપીલ્સ એ લોકોની અગ્રતા ધરાવતી ઔષધિય જરૂરિયાતોને સંતોષવા માટે અને ખાસ કરીને કાર્ડિયોવાસ્ક્યુલર (ખાસ કરીને એથેરોસકલેરોટીક) રોગ માટે સલામત, અસરકારક અને પોસાય તેવી દવા છે તેનો પુનરોચ્ચાર કરે છે. આ માન્યતા મળવાને કારણે સ્થાનિક અને વૈશ્વિક સ્તરે પોલીપીલ્સના ક્લિનીકલ અને આર્થિક લાભને મજબૂતી પ્રાપ્ત થઈ છે જેનાથી કેડીલા ફાર્માસ્યુટિકલ્સની ઈનોવેટીવ હેલ્થકેર સોલ્યુશન પૂરાંપાડવાની કટિબધ્ધતાનેબળ પ્રાપ્ત થયું છે.

કેડીલા ફાર્માસ્યુટિકલ્સના ચેરમેન અને મેનેજીંગ ડિરેક્ટર ડો.રાજીવ મોદી જણાવે છે કે "વિશ્વ આરોગ્ય સંસ્થાએ આપેલી આ માન્યતાથી વૈશ્વિક સ્તરે આરોગ્ય સુધારવા માટેના અમારા પ્રયાસોને બળ મળ્યું છે. પોલીકેપથી કાર્ડિયોવાસ્ક્યુલર રોગનો બોજ નિયંત્રિત કરીને દુનિયાભરમાં કરોડો લોકોના જીવ બચાવવામાં સહાયરૂપ થશે."

પોલીપીલ ફોર્મ્યુલેશન (પોલીકેપ) એ દર્દીઓમાં હાયપરકોલેસ્ટરોલેમીઆ અને હાઈ બ્લડ પ્રેશર જેવા જોખમી પરિબળોને મોડીફાય કરતું ફોર્મ્યુલેશન છે. ટીપ્સ૧, ટીપ્સ૨ અને ટીપ્સ૩ કક્ષાના વ્યાપક અભ્યાસોમાં ૭૦૦૦ દર્દીઓ ઉપર કરાયેલા અભ્યાસમાં પૂરવાર થયું છે કે પોલીકેપ કાર્ડિયાવાસ્ક્યુલર સમસ્યાઓનું જોખમ આશરે ૬૦ ટકા જેટલું ઘટાડેછે. કેડીલા ફાર્માસ્યુટિકલ્સે સમાજનેઆ મોટો લાભ આપ્યો છે અને દવાઓના મહત્વને વિશ્વ આરોગ્ય સંસ્થાએ પોલીપીલ્સને આવશ્યક ઔષધોની યાદીમાં સમાવેશ કરીને પ્રમાણિત કરી છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)ની એક અખબારી યાદીમાં ડિરેક્ટર જનરલ- ડો. ટેડ્રોસ એધેનોમ ગેબ્રેયેસુસ જણાવે છે કે "આ પ્રકારની સારવારથી દુનિયાભરમાં ગરીબ અને મધ્યમ કક્ષાના દેશોમાં જાહેર આરોગ્યના બજેટને ખોરવ્યા વગર ખૂબ જ અસરકારકતા પ્રાપ્ત થઈ છે."

દર બે વર્ષે અપડેટ કરવામાં આવતા આવશ્યક દવાઓની યાદી એ વિશ્વ આરોગ્ય સંસ્થાએ વિવિધદેશો માટે ભલામણ કરેલ અગ્રતા ધરાવતી હેલ્થ સિસ્ટમ માટેની ઓછામાં ઓછી ફરજીયાત જરૂરિયાત ધરાવતા રજીસ્ટર દવાઓની યાદી છે. આ દવાઓ અસરકારક અને પોસાય તેવા છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના જણાવ્યા મુજબ આ દવાઓની દરેક એડીશનને મહત્વની જાહેર આરોગ્યની જરૂરિયાતો હલ કરવા માટે આવશ્યક ગણવામાં આવે છે. આ યાદીમાં પોલીપીલ્સનો સમાવેશ થતાં પુખ્તવયના લોકો માટે ૫૦૨ ઔષધો અને બાળકો માટેના ૩૬૧ ઔષધો સમાવેશ પામ્યા છે.

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિ.માં હવે ઘર બેઠા કરો ડિપ્લોમા અભ્યાસ ઓનલાઇન ફોર્મ ભરવાનું શરૂ, અંતિમ તા. ૧૫ ઓગસ્ટ ૨૦૨૩ છે



જૂનાગઢ, તા. ૫

વેરાવળ શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી દ્વારા દૂરવર્તી શિક્ષણમાં ડિપ્લોમા અભ્યાસક્રમ માટે વર્ષ ૨૦૨૩-૨૪ માટે ઓનલાઈનપ્રવેશ ફોર્મનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેમાં ધોરણ ૧૨ પાસ કોઈપણ ઉંમરના વ્યક્તિ ઘરે બેઠાં કર્મકાંડ, મંદિર વ્યવસ્થાપન, વાસ્તુ, જ્યોતિષ, વૈદિક ગણિત, યોગ અને સંસ્કૃત ભાષા વિષયનો અભ્યાસ કરી શકશે. યુનિવર્સિટી દ્વારા ઓનલાઈન ફોર્મ ભરાવાનું શરૂ થઈ ગયું છે અને ફોર્મ ભરવાની અંતિમ તારીખ ૧૫ ઓગસ્ટ છે.

આ અંગે સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીનાં કુલપતિશ્રી પ્રો (ડો.) લલિતકુમાર પટેલે જણાવ્યું હતું કે, આજનો યુવા વર્ગ રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ના પરિપ્રેક્ષ્યમાં આપણી ભવ્ય પરંપરા, સંસ્કૃતિ અને ભારતીય જ્ઞાન પ્રણાલીથી અવગત થાય તેવા હેતુથી યુનિ. દ્વારા દૂરવર્તી શિક્ષણનાં રૂપમાં વિવિધ U.G. ડિપ્લોમા અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. યુનિ.નાં કુલસચિવ ડૉ. દશરથ જાદવે જણાવ્યું હતું કે, ગયા વર્ષથી શરૂ થયેલ દૂરવર્તી શિક્ષણમાં દેશ-રાજ્યના વિદ્યાર્થીઓનોખૂબ સારો પ્રતિસાદ તમામ ડિપ્લોમા કોર્સને મળ્યો છે ત્યારે યુનિ. દ્વારા ચાલુંવર્ષે વૈદિક ગણિત અને યોગનો ઉમેરો કરવામાં આવ્યો છે. હવે સાત કોર્સમા ડિપ્લોમા અભ્યાસ કરી શકાશે. રસ ધરાવતાં વિદ્યાર્થીઓને સત્વરે પ્રવેશ મેળવી લેવા માટે જણાવ્યુંછે. આ અનુસંધાને દૂરવર્તી શિક્ષણના વહીવટી અધિકારી ડૉ. રામ બાકુએ વધુમાં જણાવ્યુંહતુંકે, દૂરવર્તી શિક્ષણ માધ્યમથી ઘેર બેઠા ડિપ્લોમા અભ્યાસક્રમનો પ્રવેશ હાલ શરુ છે. જેમાં ધોરણ ૧૨ પાસ કોઈ પણ ઉંમરના વ્યક્તિ આ ડિપ્લોમા અભ્યાસ કરી શકશે. ડિપ્લોમા અભ્યાસ કરવા ઈચ્છતા ઉમેદવારો કર્મકાંડ, જ્યોતિષ, વાસ્તુશાસ્ત્ર, સંસ્કૃત લેંગ્વેજ, મંદિર વ્યસ્થાપન, વૈદિક ગણિત, યોગ વિષય ઉપર અભ્યાસ કરી શકશે. શ્રી સોમનાથ યુનિવર્સીટી દ્વારા ડિપ્લોમા અભ્યાસને લઈ ઓનલાઈન ફોર્મ મંગાવવામાં આવી રહ્યાં છે. તા. ૧૫ જુલાઈ ૨૦૨૩થી ઓનલાઈન ફોર્મ ભરાવવાનો પ્રારંભ થયો છે અને તા. ૧૫ ઓગસ્ટ ૨૦૨૩ સુધી ઓનલાઈન ફોર્મ ભરવામાં આવશે.

**ઓનલાઇન ફોર્મ ભરવા શું કરવું ?**

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટીની વેબસાઈટ **www.de.sssu.ac.in** ઉપરથી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે. આ અંગેની વિસ્તૃત માહિતી માટે આપ દૂરવર્તી શિક્ષણના વહીવટી અધિકારી ડૉ. રામ બાકુ (મો.૯૯૧૩૯ ૪૦૭૯૭) નો સંપર્ક કરવાનો રહેશે.

**નોકરી અને અન્ય અભ્યાસ સાથે કોર્સ કરી શકાય**

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટીનાં આ દૂરવર્તી શિક્ષણનાં ડિપ્લોમા અભ્યાસની સાથે કોઈપણ યુનિ.ના કોઈપણ વિષયમાં સ્નાતક/ અનુસ્નાતકમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પણ ડિપ્લોમા અભ્યાસ કરી શકશે.

# સ્ટ્રેટમ @વિનસ ગ્રાઉન્ડસ ખાતે રિલાયન્સ સ્માર્ટ બજારનો પ્રારંભ

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૫

રિલાયન્સરિટેઈલ, દેશના સૌથી મોટા રિટેઈલરે અમદાવાદ મધ્યે નહેરૂનગર ખાતે આવેલ પ્રસિધ્ધ કોમર્શિયલ લેન્ડમાર્ક સ્ટ્રેટમ @વિનસ ગ્રાઉન્ડસમાં તેના નવા સ્ટોર રિલાયન્સ સ્માર્ટ બજારનો પ્રારંભ કર્યાની જાહેરાત કરી છે.

રિલાયન્સ ડિજીટલ, રિલાયન્સ ટ્રેન્ડઝ અને હવે રિલાયન્સ સ્માર્ટ બજાર શરૂ થવાથી વિનસ ગ્રુપે નિર્માણ કરેલા પ્રતિષ્ઠીત કોમર્શિયલ હબથી સ્ટ્રેટમની રિટેઈલ ઈકો સિસ્ટમમાં ઘનિષ્ટ ઉમેરો થયો છે. આ જગ્યા પ્રાઈમ લોકેશન તથા અહિયા અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રક્ચર હોવાના કારણે સ્ટ્રેટમ વિવિધ બિઝનેસને તેમના સૌથી મોટા ગ્રાહક સમુદાય સાથે સફળતાપૂર્વક જોડાવા માટેનું આદર્શ સેટીંગ પૂરૂં પાડે છે. નવું શરૂ થયેલું રિલાયન્સ સ્માર્ટ બજાર સ્ટ્રેટમમાં ૩૮,૦૦૦ ચો.ફૂટનો વિશાળ વિસ્તાર આવરી લે છે અને ગ્રોસરી તેમજ રોજબરોજની આવશ્યક ચીજો એક જ સ્થળે ઉપલબ્ધ કરે છે. ગ્રાહકોને અહિયા એમઆરપી ઉપર ૭ ટકા ડિસ્કાઉન્ટ મળવાની સાથે સાથે ગ્રોસરીની તમામ ચીજો પર વધારાનું ડિસ્કાઉન્ટ પ્રાપ્ત થશે. વિનસ ગ્રુપના ડિરેક્ટર રાજેશ વાસવાણી જણાવે છે કે "અમે સ્ટ્રેટમ @વિનસ ગ્રાઉન્ડ ખાતે રિલાયન્સ સ્માર્ટ બજારના આગમનથી આનંદ અનુભવીએ છીએ. સ્માર્ટ બજારના સ્ટોરની આઈકોનિક પ્રોપર્ટીને કારણે રિલાયન્સ સ્માર્ટ બજાર ગુણવત્તા અને ઈનોવેશનની કટિબધ્ધતા દાખવશે. સ્ટ્રેટમ ખાતે રિલાયન્સ ડિજીટલ અને રિલાયન્સ ટ્રેન્ડઝના સ્ટોર્સ હોવાથી આ મલ્ટી-બ્રાન્ડ અને મલ્ટી-સેક્ટરલ આઉટલેટને કારણે સ્ટ્રેટમ અમદાવાદનું અત્યંત લોકપ્રિય શોપિંગ ડેસ્ટીનેશન બન્યું છે." રિલાયન્સ સ્માર્ટ બજાર અને વિનસ ગ્રુપના સહયોગ મારફતે એક જ સ્થળે ઉત્તમ બ્રાન્ડસ અને પ્રોડકટસ પૂરી પાડીને અજોડ શોપિંગનો અનુભવ પૂરો પાડવાનું તેમનું સહિયારૂં વિઝન દર્શાવે છે. વિનસ ગ્રુપની કંપની રિયલ એસ્ટેટ ક્ષેત્રે મોખરાનું સ્થાન ધરાવે છે અને અપવાદરૂપ લેન્ડ માર્કસનું નિર્માણ કરીને ગુજરાતમાં માળખાગત ઉત્કૃષ્ઠ નિર્માણમાં ઉત્તમ દેખાવ કરી રહી છે.

# 'દીકરાનુ ઘર' વૃધ્ધાશ્રમ દ્વારા 'વહાલુડીના વિવાહ'નું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૫

સમાજથી અને ઘરથી તરછોડાયેલા નિરાધાર માવતરોની છેલ્લા ૨૪ વર્ષથી સેવા કરી રહેલુ 'દીકરીનુ ઘર' વૃધ્ધાશ્રમ તેની વિવિક સેવાકીય પ્રવૃતિથી સમગ્ર દેશ અને દેશની બહાર પ્રચલીત છે. આ સંસ્થા તરફથી વહાલુડીના વિવાહ-૬નું આયોજન થનાર છે જેના યજમાન પદે પાણ ગ્રુપના મનસુખભાઈ પાણ પરીવાર સાથે જોડાયેલ છે. આ સંસ્થા દ્વારા આગામી તા. ૨૪ ડીસેમ્બરે વહાલુડીના વિવાહ-૬ દીકરાનુઘર દ્વારા અત્યંત ભવ્યાતીભવ્ય છતાં ગરીમાપૂર્ણ રીતે કાર્યક્રમ યોજાશે. દીકરીઓને સમાજના સહકારથી ૨૦૦થી વધુ કરીયાવર રૂપી વસ્તુઓ ભેટ અપાશે. સેનાના શહીદ જવાનની દીકરી હશેતો પાંચ લાખ સુધીનો કરીયાવર અપાશે. વહાલુડીના વિવાહ-૬નું ફોર્મનુ વિતરણ તા. ૧૫-૭-૨૩ થી ૨૭-૮-૨૩ સુધી સાંજના ૪થી ૭ સુધી ૩૦૫, ગુરૂરક્ષા કોમ્પલેક્ષ, ભારતટ્રાવેલ્સની બાજુમાં, ટાગોર રોડ, રાજકોટ ખાતે કરવામાં આવશે. જેમાં ફોર્મ લેવા આવનાર દીકરીએ ઉંમરનુ પ્રમાણપત્ર સાથે લઈ આવવું ફરજીયાત છે. લગ્નોત્સવને સફળ બનાવવા હાર્દિક દોશી, દોલતભાઈ ગદેશા, ગુણુભાઈ ઝાલાડી, પ્રનંદ કલ્યાણી, યશવંત જોશી, જિજ્ઞેશ આદ્રોજા, જીતુભાઈ ગાંધી, હરીશભાઈ હરીયાણી, મહેશ જીવરાજાની, પરીમલભાઈ જોશી, જયેન્દ્રભાઈ મહેતા, હસુભાઈ શાહ, પારસ મોદી, જીજ્ઞેશ પુરોહીત, ધીરજ ટીલાળા, જયદીપ કાચા, આર.ડી. જાડેજા, ચેતન મહેતા, શૈલેષ દવે, બ્રિજ વૈશ્નવ, ફાલ્ગુનીબેન કલ્યાણી, અલ્કા પારેખ, ગીતાબેન પટેલ, મૌસમીબેન કલ્યાણી, અરૂણાબેન વેકરીયા, કિરણબેન વડગામા, ગીતાબેન વોરા સહિતના કાર્યકર્તાઓ જહેમત ઉઠાવી રહેલ છે.

## રક્ષાબંધન આ વર્ષે ૩૦ ઓગસ્ટને બુધવારે રાત્રે ૯:૦૨થી ગુરૂવારે સવારે ૭.૦૬ કલાક સુધી રહેશે

રક્ષાબંધન આ વર્ષે ૩૦ ઓગસ્ટને બુધવારે રાત્રે ૯.૦૨થી ગુરૂવારે સવારે ૭.૦૬ કલાક સુધી રહેશે. નિજ શ્રાવણ શુદ ચૌદશને બુધવાર તા. ૩૦-૮-૨૩ના દિવસે સવારે ૧૦.૫૯થી પુનમ તિથિનો પ્રારંભ થાય છે જે ગુરૂવારના સવારના ૭.૦૬ સુધી પૂનમતિથિ છે. ગુરૂવારે એકમતિથી ક્ષય તિથી છે. આથી બુધવારે રક્ષાબંધન ઉજવવું જોઈએ પરંતુ રક્ષાબંધનમાં રાખડી બાંધવામાં ભદ્રા દોષ પણ જોવામાં આવે છે. આથી આ વર્ષે ભદ્રા પણ દોષકારક હોતા દરેક પંચાગ પ્રમાણે જયોતિષ શાસ્ત્રોના નિયમ પ્રમાણે આ વર્ષે રક્ષાબંધનની શરૂઆત એટલે કે રાખડી બાંધવા માટેનો સમય તા. ૩૦ ઓગસ્ટને બુધવારે રાત્રે ૯.૦૨ થી ગુરૂવારના સવારના ૭.૦૬ સુધી રહેશે. રાખડી બાંધવાનો શુભ સમય ચોઘડીયા પ્રમાણે બુધવારે શુભ તથા અમૃત ચોઘડીયુ રાત્રે ૯.૦૨ થી ૧૧.૦૮ સુધી, ગુરૂારે સવારે શુભ ચોઘડીયુ સુર્યોદયથી સવારના ૭.૦૬ કલાક સુધી રહેશે.

- શાસ્ત્રી રાજદીપ જોષી (વેદાંત રત્ન)

## બાળકના જન્મ સાથેના પ્રથમ રુદન અને માતાના હેતાળ સ્નેહસ્પદનનું મિલનની સાક્ષી બનતી

# રૂા. ૧૦૦ કરોડથી વધુના ખર્ચે સાકાર થઈ રહેલી રાજકોટની ૧૫૦ વર્ષ જૂની ઝનાના હોસ્પિટલનું નવનિર્મિત બિલ્ડિંગ-મોડેલ 'મેટરનિટી એન્ડ ચાઈલ્ડ હેલ્થ' વિંગ પૂર્ણતાના આરે

**ગુજરાતની સૌથી ઉંચી એમ.સી.એચ. હોસ્પિટલમાં ટ્રાઈએઝ, થ્રી લેયર એન.આઈ.સી.યુ., મિલ્ક બેન્ક, ડી.ઈ.આઈ.સી., એન.આર.સી. સહિતના વિભાગો, ૭૦૦ બેડ, ૮ ઓપરેશન થીએટરની અત્યાધુનિક હોસ્પિટલમાં સૌરાષ્ટ્ર-કચ્છની પ્રસૂતાઓ અને નવજાત બાળ દર્દીઓને એક છત્ર નીચે મળશે અત્યાધુનિક સારવાર**








બાળકના જન્મ સાથેના પ્રથમ રુદન અને માતાના હેતાળ સ્નેહનું સ્પર્શના મિલનનો સાક્ષી બનતો રાજકોટ સિવિલ હોસ્પિટલનો ગાયનેક વિભાગ ટૂંક સમયમાં જુના ઝનાના હોસ્પિટલ કેમ્પસ ખાતેના નવનિર્મિત બિલ્ડિંગમાં શિફ્ટ થવા જઈ રહ્યો છે. સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છની પ્રસૂતાઓ અને નજાવત બાળકોને એક છત્ર નીચે સંપૂર્ણ સારવાર સાથેના "મેટરનિટી એન્ડ ચાઈલ્ડ હેલ્થ" વિંગની કામગીરી પૂર્ણતાને આરે છે.

સિવિલ અધિક્ષક ડો. આર.એસ. ત્રિવેદીએ આ અંગેની માહિતી આપતાં જણાવ્યું હતું કે, સ્વસ્થ બાળ અને સ્વસ્થ માતાની વિભાવનાને ચરિતાર્થ કરવા રાજ્ય સરકારના આરોગ્ય વિભાગના સંનિષ્ઠ પ્રયાસોથી રાજકોટમાં કોર્પોરેટ સ્ટાઈલમાં ગ્રાઉન્ડ પ્લસ ૧૧ માળની ગુજરાતની સૌથી ઊંચી એમ.સી.એચ. હોસ્પિટલ અદ્યતન સુવિધાઓ સાથે નિર્માણ પામશે.

સૌરાષ્ટ્ર કચ્છના મેટર્નલ અને બાળ દર્દીઓ માટે હોસ્પિટલમાં ૫૦૦ બેડ ઉપરાંત વધારાના ૨૦૦ બેડની સુવિધા સાથે કુલ ૭૦૦ બેડની સુવિધા, સૌરાષ્ટ્રની પ્રથમ મિલ્ક બેન્ક, ટ્રાઈએઝ, થ્રી લેયર એન.આઈ.સી.યુ., ડી.ઈ.આઈ.સી., એન.આર.સી. પ્લે ગ્રાઉન્ડ સહિતની સુવિધા આ કેમ્પસમાં ઉપલબ્ધ કરાવાઈ છે.

અધિક્ષકે વધુમાં જણાવ્યુંહતું કે, રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે દર વર્ષે ૮ હજારથી વધુ ડીલિવરી કરવામાં આવી રહી છે, જેમાં નોર્મલ ડીલેવરી માટે આ હોસ્પિટલ વિવિધ તકનીક સાથેનું રોલ મોડેલ બની રહેશે. અહીં મોડ્યુલર ૮ ઓપરેશન થીએટર, સ્ત્રી રોગની સારવાર, સુપર સ્પેશિયાલિટીઝ ડોક્ટર્સની ટીમ સાથે ઝીરો રેફરલ પોલિસી અપનાવાશે. પી.આઈ.યુ. ની કામગીરી પૂર્ણ થવામાં છે. આ સાથે અલગથી વીજ લાઈન, પાવર બેકઅપ માટે જનરેટર, ઓક્સીજન લાઈન, દર્દીના સગા માટે કેન્ટીનની વ્યવસ્થા વગેરે સવલતો પણ ઉભી કરવામાં આવી છે.

**પીડિયાટ્રિક વિભાગ**

સિવિલ હોસ્પિટલમાં પીડિયાટ્રિક વિભાગના હેડ અને પ્રોફેસર ડો. પંકજ બુચે જણાવ્યું હતું કે, નવી હોસ્પિટલમાં પીડિયાટ્રિક વિભાગમાં નવજાત શિશુની સારવાર માટે એન.આઈ.સી.યુ ત્રણ લેવલમાં ઉભુ કરવામાં આવેલ છે. નવજાત શિશુ અને માતાની સારવાર માટે એક જ જગ્યાએ અલાયદો વોર્ડ, બાળકો માટે વેન્ટિલેટર સાથે ૨૫ બેડનું આઈ.સી.યુ., મોટી ઉંમરના બાળકો માટે ૪૪ બેડનું હાઈ ડીપેન્ડન્સી યુનિટ, પોર્ટેબલ સોનોગ્રાફી, ઈકો કાર્ડિયોગ્રાફી મશીન સુવિધાઓ, ભારત સરકારની ઓપરેશનલ ગાઈડલાઈન મુજબનું ગુજરાતનું પ્રથમ શારીરિક અને માનસિક રીતે અસ્વસ્થ બાળકોની સારવાર માટેનું ડી.ઈ.આઈ. સેન્ટર, કુપોષિત બાળકોના વજન વધારવા માટેનું ૨૫ બેડનું એન.આર. સેન્ટર, હિમોફેલિયા અને થેલેસેમિયા ગ્રસ્ત બાળકોને લોહી ચડાવવા માટેનો અલાયદો વિભાગ ઉપરાંત પીડિયાટ્રિક ન્યુરો સર્જીકલ અને સર્જીકલ વિભાગ, બાળકો રમત રમી શકે તે માટે પ્લે એરિયા, તેમજ એન.આઈ.સી.યુ. ટ્રેનિંગ માટે ૧૦૦ બેઠકનું ટ્રેનિંગ સેન્ટર ઉપલબ્ધ કરવામાં આવ્યુ હોવાનું ડો. બુચે વિશેષ માહિતી આપતા જણાવ્યું હતું.

**ગાયનેક વિભાગ**

પી.ડી.યુ. મેડિકલ કોલેજના ગાયનેક વિભાગના હેડ અને પ્રોફેસર ડો. કમલ ગોસ્વામીએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, મેડિકલ કાઉન્સિલની ગાઈડલાઈન મુજબ, સૌરાષ્ટ્ર - કચ્છના દર્દીઓની સંખ્યાને પહોંચી વળવા સાથે ઉત્તમ સારવાર મળી રહે તે માટે ૩૭૦ બેડ સાથેનો ગાયનેક વિભાગ ડીઝાઈન કરાયો છે. ગ્રાઉન્ડ ફ્લોર ઉપર દર્દીનું રજીસ્ટ્રેશન, વેઈટિંગ કમ નોલેજ શેરિંગ, પ્રસુતિ અને સ્ત્રી રોગ ઈમર્જન્સી સારવાર અર્થે ૬ બેડનો ટ્રાએજ એરિયા, મમતા ક્લિનિક ઉપરાંત સોનોગ્રાફી, બ્લડ ટેસ્ટ સહિતની સુવિધા એક જ ફ્લોર પર ઉભી કરવામાં આવી છે.

આ સાથે અન્ય ફ્લોર પર ૯ ઓપરેશન થીએટર બ્લોક, ૧૮ બેડનો આગમન કક્ષ (પ્રસુતિ રૂમ), રિસ્કી ડીલિવરી માટે ક્વોલિફાઈડ નર્સીઝ દ્વારા ચાર બેડનો મીડ વાઈફ લેડ કેર યુનિટ, ૪ ન્યુબોર્ન કોર્નર કે જ્યાં નવજાત બાળકની સારવાર, પ્રથમ એક હજાર દિવસ સર્ટિફિકેશન મજુબ અલગથી લેબર રૂમ, મમતા ક્લિનિક ઓ.પી.ડી. સહીત ઓલ ઈન વન સ્ટોપ સ્ટેશન, ગાયનેક ઓ.પી.ડી. કે જેમાં કેન્સર ક્લિનિક, મેનોપોઝલ ક્લિનિક, કુટુંબ નિયોજન ઓ.પી.ડી. જેવા વિભાગો અલાયદા ઉભા કરવામાં આવ્યા છે. દર્દીઓની સુવિધાર્થે અનુપ્રસુતી અને પૂર્વપ્રસુતી અને સ્ત્રી રોગ વોર્ડ વિભાગ ડીઝાઈન એન.એમ.સી. ગાઈડલાઈન, ૧૦૦૦ ડેઝ અને મિડવાઈફ કન્સેપટને ધ્યાને લઈને કરવામા આવ્યા હોવાનું ડો. ગોસ્વામીએ જણાવ્યું છે. રાજકોટની ઝનાના હોસ્પિટલ ખરા અર્થમાં જરૂરિયાતમંદ મહિલા અને બાળ દર્દીઓનું સ્નેહસભર સારવારનું કેન્દ્ર ચોક્કસ બની રહેશે.

લ્યો કરો વાત... રાંડીયા પછી ડહાપણ...!

# જૂનાગઢમાં કાળવાના વોંકળા ઉપર જેણે દબાણ કર્યા છે તેનો રેકોર્ડ જાણતા હોવા છતાં પણ સર્વેનું નાટક !

## મનપાના ત્રણ અધિકારીઓ વોંકળાના દબાણોનો સર્વે કરવા નીકળ્યા છે અને આ અધિકારીઓ તંત્રને રીપોર્ટ આપશે પણ ખરા પરંતુ મનપા તંત્ર પાસે આવા દબાણો દુર કરવા કે દબાણ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવા માટેની નૈતિક હિંમત અને ક્ષમતા છે ખરી ?

(પ્રતિનિધી દ્વારા)

જૂનાગઢ તા.૫

પડીને પાદર થઈ ગયા બાદ કોને ગુન્હો છે? કોનો વાંક છે? તેના માટે થતી કાર્યવાહી કેટલે અંશે યોગ્ય ગણાય તેવો સવાલ લોકોને કરવો પડે છે અને આ અખબારના માધ્યમથી આમ જનતાને આ સવાલ પુછાયો છે કારણ કે જૂનાગઢમાં આ શહેરના કહેવાતા હિતેચ્છુએ વોંકળા ઉપર દબાણો કરી અને ગેરકાયદેસર બાંધકામોના ખડકલા કરી દીધા છે. વર્ષમાં અન્ય સમયગાળામાં તો બહૂ ફરક ન પડે પરંતુ જયારે ચોમાસાના દિવસોમાં ભારે વરસાદ થાય અને નદીઓમાં ભારે પુર આવે ત્યારે આ વોંકળા ઉપરના દબાણો જૂનાગઢ શહેરનાં લોકોના જાનનો જોખમમાં મુકી દયે તેવી ભિતી કાયમ રહેલી જ છે અનો તાજેતરમાં એ સત્ય પણ પુરવાર થયું. પુર પ્રકોપમાં જૂનાગઢ શહેરમાં પાણી ફરી વળ્યા હતા ત્યારે લોકોના જીવ પડીકે બંધાઈ ગયા હતા અને તારાજીનું તાંડવ આ શહેરમાં ખેલાયું હતું અને લોકોએ મનપા તંત્ર સામે તિવ્ર આક્રોશ વ્યકત કરેલ છે જ પરંતુ લોકોની નજરમાં કંઈક કામગીરી અમે કરીએ છીએ તેવું દેખાડવા વધુ એક નાટક શરૂ થયું છે અને મનપાના ત્રણ અધીકારી હવે દબાણનો સર્વે કરવા નીકળ્યા છે. તંત્રને ખબર જ છે કે કયાં દબાણો છે. માની લો કે સર્વે થઈ ગયો અને જયાં જયાં દબાણો છે તે સામે આવી ગયા પછી તો મનપા તંત્ર વોંકળા દબાણો કરનારાઓ સામે કડક કાર્યવાહી કરી શકશે ખરૂં ? તેવો સવાલ પણ ઉઠવા પામ્યો છે.

તાજેતરમાં ભારે વરસાદ અને ત્યાર બાદ પુર પ્રકોપની સ્થિતીમાં જૂનાગઢ શહેર બેટમાં ફેરવાઈ ગયું હતું અને લોકોને પારાવાર નુકશાનીનો માર સહન કરવો પડયો છે. અને મનપા તંત્રની બેદકારીની પોલ ખુલી ગઈ છે. પ્રિમોન્સુન કામગીરી અગાઉથી કરવામાં મનપાનું તંત્ર બેદકારી પુરવાર થયું છે. તો બીજી તરફ ચોમાસા પહેલા જ શહેરમાં આવેલા જર્જરીત ઈમારતો અને બિલ્ડીંગોને ઉતારી લેવાની કામગીરીમાં પણ આ તંત્ર બેદકારી રહ્યું છે અને જેના કારણે નોટીસો માર્યા પછી પણ કાર્યવાહી ન કરવાને કારણે એક હસ્તા રમતા પરીવારનો માળો વિખાય ગયો છે તો બીજી તરફ પુરની અસામાન્ય પરિસ્થીતીમાં સૌથી મોટુ જો જૂનાગઢને કોઈ નડતર થયું હોય અને ભારે પુર અનો પુરપ્રકોપની જેમ સ્થિતી સર્જાણી હતી તેને માટે તંત્ર જવાબદાર છે તેમજ જૂનાગઢ શહેરના વોંકળાના દબાણો પણ એટલા જ જવાબદાર છે આ દબાણ કરનારાઓએ પોતાના સ્વાર્થ સિવાય બીજુ કંઈ વિચાર્યુ નથી તેવી નગરજનો ફરીયાદ કરી



રહ્યા છે અને હવે તો છડેચોક બોલી રહયા છે. બીજી તરફ જૂનાગઢ મનપા તંત્ર, તેમના સતાધીશો અને જે તે કોર્પોરેટરો પણ જાણે છે કે જૂનાગઢ શહેરમાં કયાં અને કઈ જગ્યાએ વોંકળા ઉપર દબાણો થયા છે. આ દબાણો કોણે કર્યા છે અને તે અંગેનો આખો ઈતિહાસ જાણવા છતાં મનપા તંત્ર દ્વારા ફરી એકવાર વોંકળા ઉપરના દબાણો અંગેનો સર્વે હાથ ધરી વધુ એક નાટક સર્વે કામગીરીનું ખેલવામાં આવી રહયું છે તેમ લોકો બોલી રહયા છે.

# જૂનાગઢની રૂા.૧૭.૫૦ લાખની ચોરીનો ભેદ ઉકેલવા તપાસનો ધમધમાટ: ગણતરીના સમયમાં જ ભેદ ઉકેલાઈ જવાનો આશાવાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૫

જૂનાગઢ શહેરમાં રૂપીયા ૧૭.૫૦ લાખના દાગીના, રોકડ સહિતની ચોરીના બનાવને પગલે પોલીસ ટીમો દ્વારા તપાસની કામગીરી હાથ ધરવામાં આવી છે અને ચોરીનો ભેદ ઉકેલવા માટે તપાસનો ધમધમાટ ચાલી રહ્યો છે અને ગણતરીના સમયમાં જ આ ચોરીનો બનાવનો ભેદ ઉકેલી નાખવામાં આવે તેવો આશાવાદ દર્શાવાય રહ્યો છે. જૂનાગઢમાં સેમસંગ મોબાઈલ કંપનીના એરિયા મેનેજરના ઘરે બપોરે ધોળા દિવસે એક કલાક બંધ રહેલા મકાનમાંથી તસ્કરો ૪૫ તોલા સોનાના દાગીના અને ૪ લાખની રોકડ મળી કુલ રૂપીયા ૧૭.૫૦ લાખની માલમતાની તસ્કરો ચોરી કરી જતા સસનાટી મચી જવા પામી છે. જૂનાગઢમાં લોઢીયા વાડી પાસે કૃષ્ણનગર સોસાયટીમાં રહેતા સેમસંગ કંપનીના એરિયા મેનેજર રવિભાઈ ચંદુભાઈ વણઝાર (ઉ.વ.૩૮) તેમના મામા અમૃતલાલભાઈનું અવસાન થયું હોય આથી તેના શહેરમાં રાયજીબાગ ખાતે આવેલ ઘરે ગઈકાલે બપોરના ૧:૧૫ કલાકે પત્ની અને પુત્રી સાથે મકાનને તાળા લગાવીને જમવા માટે ગયા હતા અને બાદમાં એક કલાક પછી એટલે કે બપોરના ૨:૧૫ કલાકે પોતાના ઘરે પરત આવતા મકાનના મુખ્ય દરવાજાનું તાળુ તુટેલું જોવા મળ્યું હતું અને ઘરમાં સરસામાન વેર વિખેર જોવા મળ્યો હતો. આમ એક કલાક માટે રવિભાઈ વણઝારાના બંધ રહેલા મકાનના મુખ્ય દરવાજાનું તાળુ તોડી તસ્કરો કબાટમાંથી રૂપીયા ૪ લાખની રોકડ તેમજ સોનાની બુટી સાથેનું મંગલસુત્ર તથા નાનું મંગલસુત્ર, સોનાની પોચી, બંગડી, બે લક્કી, ડોકયું, લેડીઝ ચેન, બ્રેસલેટ, ચુક, પેડલ તથા સોનાની ૧૫ વીટી સહિત રૂપીયા ૧૩.૫૦ લાખની કિંમતના ૪૫ તોલા સોનાના દાગીના મળી કુલ રૂપીયા ૧૭.૫૦ લાખની કિંમતનો મુદ્દામાલ ચોરીને તસ્કરો નાસી ગયા હતા. આ અંગેની જાણ થતા ડીવાયએસપી હિતેશ ધાંધલીયા, બી ડીવીઝનના પીઆઈ નીરવ શાહ, એલસીબી વિગેરે પોલીસનો કાફલો દોડી ગયો હતો અને ડોગ, એફએસએલ વગેરેની મદદ લઈને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. જૂનાગઢમાં બે દિવસ અગાઉ એકલા રહેતા એક મહિલા મકાનમાંથી રૂ.૩૦ લાખની માલમતાની ધોળા દિવસે ચોરી થઈ હતી. જેની હજુ શાહી સુકાઈ નથી ત્યાં શહેરમાં દિન દહાડે રવિભાઈ વણઝારાના ઘરમાંથી રૂપીયા ૧૭.૫૦ લાખની માલમતાનો હાથફેરો તસ્કરો કરી જતા સનસનાટી ફેલાઈ ગઈ છે. ઉપરોકત ચોરીના બનાવના ભેદ ઉકેલવા માટે પોલીસ દ્વારા તપાસની કામગીરી હાથ ધરાઈ છે. રેન્જ આઈજી નિલેશ જાજડીયા તેમજ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાના સીધા માર્ગદર્શન હેઠળ પોલીસની જુદી-જુદી ટીમો તપાસ કરી રહી છે. તેમજ સીસીટીવી ફુટેજ ચેક કરવામાં આવી રહ્યા છે અને સંબંધીત તમામ પાસાઓ ઉપર ધ્યાન કેન્દ્રીત કરી ગણતરીના સમયમાં જ આ ચોરીનો ભેદ ઉકેલાય જવા પામે તેવો આશાવાદ બી ડીવીઝન પોલીસ સ્ટેશનના પીઆઈ નિરવ શાહે દર્શાવ્યો હતો.

# બાંટવામાંથી ૬૬ બોટલ દારૂ ઝડપાયો

જૂનાગઢ તા.૫

જૂનાગઢ જીલ્લાના બાંટવા તાબેથી જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ચોકકસ બાતમીના આધારે પાડવામાં આવેલ દારૂ અંગેના દરોડોમાં ૬૬ બોટલ ઈંગ્લીશ દારૂ ઝડપી લેવામાં આવે છે.



જૂનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિરીક્ષક નિલેશ જાજડીયાની સુચના અને જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ જે.જે.પટેલ તથા પીએસઆઈ જે.જે.ગઢવી અને સ્ટાફે ચોકકસ બાતમીના આધારે પાડવામાં આવેલા દરોડામાં બાંટવામાં નાના ઝાંપા પાસે હિરેન ભીખુભાઈ રબારીએ પોતાના કબ્જા ભોગવટાના ખુલ્લા વાડામાં ઓરડીના પાછળના ભાગે બનાવેલા ભોંયરામાં તપાસ કરતા કુલ ૬૬ બોટલ દારૂ ઝડપી લેવામાં આવેલ છે. હિરેન ભીખુભાઈ રહે. બાંટવાવાળાને ઝડપી લીધેલ છે જયારે કમલેશ હરદાસભાઈ ખેર રહે. અમીપરવાળાને ઝડપી લેવા ચક્રો ગતિમાન કરેલ છે.

## જૂનાગઢથી કણજડી જતા માર્ગ ઉપર અજાણ્યા વાહને અકસ્માત સર્જતા મૃત્યુ

જૂનાગઢ તા.૫

જૂનાગઢથી કણજડી ગામ તરફ જતા માર્ગ ઉપર ગઈકાલે વાહન અકસ્માતનો એક બનાવ બનેલ છે. અને જેમાં એકનું મૃત્યુ થયાનું પોલીસ દફતરે નોંધાયું છે.

ઝાંઝરડા રોડ જોગી પેટ્રોલ પંપ સામે રહેતા હરસુખભાઈ મેપાભાઈ સુતરીયા (ઉ.વ.૫૧)એ અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ એવી ફરીયાદ નોંધાવી છે કે ફરીયાદીના ભાઈ અશ્વીનભાઈ તેની મોટર સાયકલ જીજે-૦૭-સીસી-૭૦૧૨ વાળી મોટર સાયકલ ચલાવી જૂનાગઢ તરફથી કણજડી ગામ તરફ જતા હતા દરમ્યાન કોઈ અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન બેફીકરાઈથી ચલાવી અશ્વીનભાઈ મોટર સાયકલ સાથે અકસ્માત કરી તેઓને ગંભીર ઈજા પહોંચાડતા અશ્વીનભાઈનું મૃત્યુ થયું છે અને અજાણ્યો વાહન ચાલક નાસી છુટયો છે તેવી ફરીયાદ નોંધાવતા વંથલી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## જૂનાગઢ તાલુકાના તલીયાધર ગામે ગળેફાંસો ખાતા મૃત્યુ

જૂનાગઢ તા.૫

જૂનાગઢ તાલુકાના તલીયાધર ગામે રહેતા કલ્પનાબેન સખારામ ભીલ (ઉ.વ.૫૫)એ કોઈ કારણોસર ગળેફાંસો ખાય લેતા તેમનું મૃત્યુ થયું છે આ બનાવ અંગે તાલુકા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.


લેવા-વેચવા

લોકેશન વાડી ભાવમાં મિલ્કતો, ફલેટ, ડુપ્લેક્ષ, જમીન, દુકાન, બંગલા વગેરે તાત્કાલીક લેવા-વેચવા માટે સંપર્ક કરો

મયંક એસ્ટેટ બ્રોકર
રસિકભાઈ પટેલ
મો. ૯૫૮૬૩ ૪૧૦૨૧
૯૪૨૭૩ ૭૭૯૧૭

હોટેલ વ્રજ વાટિકા




જેતપુર - જૂનાગઢ હાઈવે,
જેતલસર જંકશન, રાજકોટ-૩૬૦૩૬૦
જેતલસર ગામ,
મો. ૯૮૭૯૬ ૬૦૪૨૨

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.પી. સોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા (N.D.)

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
- કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બાસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

'ફલાય ફાસ્ટ' પાર્સલ સર્વિસ-હવે આપના દ્વારે 'સૌરાષ્ટ્ર ભૂમિ' દૈનિકની સાથોસાથ
એક નવું સોપાન કુરિયર ક્ષેત્રમાં એક નવી ઉડાન

જૂનાગઢ, કેશોદ, વેરાવળ, પ્રાંચી, કોડીનાર, ઉના, દીવ

એ જ દિવસે ડિલિવરી...

SAME DAY DELIVERY

પાર્સલ સર્વિસ



સૌરાષ્ટ્ર ભૂમિ
FlyFast
POWERED BY SAURASHTRA BHOOMI

ડેઈલી સર્વિસ જૂનાગઢથી સવારે ૧૧:૩૦

હેડ ઓફિસ
ફલાય ફાસ્ટ, સૌરાષ્ટ્ર ભૂમિ મીડિયા હાઉસ, જેલ રોડ, જૂનાગઢ. CALL : 99097 06464

બ્રાન્ચ ઓફિસ
દરબાર ઓટો, ચિતાખાના ચોક, જૂનાગઢ. CALL : 98242 28089
ફલાય ફાસ્ટ, માધવરાયજી રોડ, મોક્ષ પીપળાની બાજુમાં, પ્રાંચી તિર્થ
CALL : 9978523182, 9586820516
ફલાય ફાસ્ટ, સાગર ડેરી, બસ સ્ટેશન રોડ, ઉના.
CALL : 9374655255
ફલાય ફાસ્ટ, રોયલ ફૂડ રેસ્ટોરન્ટ, ઉના ઝાપા, કોડીનાર.
CALL : 9824688105

ફલાય ફાસ્ટ પાર્સલ સેવા...
આપનો વિશ્વાસ પ્રયાસ અમારો...